સમોચ્ચાર શબ્દસંગ્રહ:

એટલે

એકસરખા ઉચ્ચારના પણ જુદી જોડણી અને જુદા અર્થના શબ્દોનો સમુદાય.

સંગ્રહ કરનાર

રૂસ્તમજી હોરમસજી મીસ્ત્રી.

છપાવી પ્રગટ કરનાર

પારસી લેખક મંડળ.

મુંબઇ.

૧૯૧૭.

પ્રસ્તાવના.

સાધારણ વપરાસમાં આવતા મૂખ્ય ગુજરાતી શબ્દોની એક ટીપ તેમની શુધ્ધ જોડણી સાથ તૈયાર કરી પારસી લેખકોના લાભાર્થે તે પ્રગટ કરવાનો ૧૯૧૫ ના સાલમાં પારસી લેખક મંડળે વિચાર રાખ્યો હતો. તે ટીપ તૈયાર કરવાનું કામ મંડળના એક સભાસદને સોંપવામાં આવ્યું હતું અને તે તૈયાર થતાં પ્રગટ થવા માંડી હતી. તેટલામાં મંડળની જાણમાં આવ્યું કે જોડણી અને અર્થે જુદા પણ ઉચ્ચારે લગભગ એક સરખા એવા ગુજરાતી સમોચ્ચાર શબ્દો (homonyms) નો કેટલોક સંગ્રહ મંડળના એક સભાસદ મી૦ રૂસ્તમજી હોરમસજી મીસ્ત્રી કને તૈયાર છે. શુધ્ધ જોડણીની ઉપલી ટીપ કરતાં આવા સમોચ્ચાર શબ્દોનો સંગ્રહ માત્ર પારસી લેખકોનેજ નહિ પરંતુ હિંદુ તેમજ ઇસ્લામી લેખકોને પણ સામાન્ય રીતે ઉપયોગી થઇ પડવો જોઇએ એવું વિચારી મંડળે તે પ્રગટ કરવા ધાર્યો.

૨. આ સંગ્રહ તપાસવા તથા તેમાં ઘટતો સુધારો વધારો કરવા માટે એક સબ કમિટી નેમવામાં આવી, જેની અનેક બેઠકોમાં કેટલાક નવા શબ્દો ઉમેરવામાં આવ્યા, કેટલાકમાં ફેરફાર કરવામાં આવ્યો, અને કેટલાક કાઢી નાંખવામાં આવ્યા. વળી જે શબ્દો ફારસી યા અરબી ઉત્પત્તિના માલૂમ પડયા તેઓ આગળ કૌંશમાં 'ફા' અને 'અ' અક્ષરો મેલી તેમની ઓળખ આપવામાં આવી.

૩. આવી રીતે તપાસી તૈયાર કરેલો સંગ્રહ, તે છપાવવાની ભલામણ સાથ કારોબાર મંડળી સમક્ષ રજુ કરવામાં આવે તે અગાઉ, એકાદ બે હિંદુ સાક્ષરોની તપાસ માટે મોકલી આપવાનું સબ-કમિટીએ વાજબી ધાર્યું, કે કદાપિ એમાં કાંઇ ભૂલ રહેવા પામી હોય તો તે સુધારવાનું બની આવે. તે મુજબ તેઓ મધેના એક રા૦ શંભુપ્રસાદ શિવપ્રસાદ મહેતા બી. એ. ઉપર આ સંગ્રહ મોકલી આપવામાં આવતાં તેમણે એમાં મહેરબાનીની રાહે કરેલી કેટલીક સૂચનાઓ અને સુધારા સબ-કમિટીએ ખુશી સાથ બહાલ રાખ્યા હતા.

૪. કારોબાર મંડળી જોગા સબ-કમિટીના રિપોર્ટમાં આ સંગ્રહ બાબે જણાવવામાં આવ્યું હતું કે તે "મંડળના ખર્ચે છપાવી પ્રગટ કરવાને લાયક છે. અમારી સબ-કમિટી માને છે કે તે લેખક વર્ગને ઘણો ઉપયોગી થઇ પડશે અને આવો એક ઉપયોગી સંગ્રહ બાહેર પડવાથી આપણું પારસી લેખક મંડળે ગુજરાતી સાહિત્યની એક વહેવારૂ સેવા બજાવેલી લેખાશે." સબ-કમિટીની આ ભલામણ બહાલ રાખી કારોબાર મંડળીએ આ સંગ્રહની ૧૦૦૦ નકલો છપાવવાનો ઠરાવ કર્યો.

૫. હવે આ સંગ્રહને શું નામ આપવું તે માટે થોડાક હિંદુ તથા પારસી ગૃહસ્થો કનેથી સૂચનાઓ માંગવામાં આવતાં તે નીચે મુજબ મળી:-

(૧) "સમોચ્ચાર શબ્દસંગ્રહ એટલે એકસરખા ઉચ્ચારના પણ જુદી જોડણી અને જુદા અર્થના શબ્દોનો સમુદાય."

(૨) "ભિન્નાર્થ શબ્દ સંગ્રહ."

(૩) "સમરૂપ શબ્દોનો સંગ્રહ."

(૪) "સ્વરૂપાર્થ ભેદદર્શક શબ્દસંગ્રહ."

(૫) "અનેક અર્થવાળા સમોચ્ચાર શબ્દો અથવા અનેકાર્થ શબ્દસંગ્રહ."

આ સર્વ સૂચનાઓમાંથી પહેલું નામ હાલના સંગ્રહને વધારે અનુકુળ અને યોગ્ય જણાયાથી એજ નામથી આ સંગ્રહને ઓળખવાનું અને ઓળખાવવાનું કારોબાર મંડળીને દરૂસ્ત દીસ્યું અને તેણે ઠરાવ કર્યો કે "હોમોનિમ્સની હાલ છપાતી ચોપડીને 'સમોચ્ચાર શબ્દ સંગ્રહ' એવું નામ આપવું."

૬ ગુજરાતી ભાષા વાપરનારી આલમ સનમુખ રજુ થતા આ "સમોચ્ચાર શબ્દસંગ્રહ"ની આ હકીકત છે. પારસી લેખક મંડળ તરફનું આ સૌથી પહેલું પુસ્તક છે અને તે માને છે કે ગુજરાતી સાહિત્યમાં આ લઘુ ગ્રંથ એક અગત્યનો વધારો થઇ પડશે, તથા સામાન્ય લેખક વર્ગને એકસરખી રીતે ઉપયોગી અને કીમતી થઇ પડશે.

૭ વળી મંડળ માને છે કે ગુજરાતી સાહિત્યમાં આવા પ્રકારનું પુસ્તક આ પહેલવહેલુંજ છે, કેજે તૈયાર કરીને પારસી લેખક મંડળની સેવામાં બિનરવાર્થે ધરવા માટે મંડળ મી૦ રૂસ્તમજી હોરમસજી મીસ્ત્રીનો આભાર માને છે. આ સંગ્રહ કદાપિ સંપૂર્ણ નહિ લાગશે, વળી તેમાં કોઇક ભૂલો રહી જવા ઉપરાંત, સુધારા માટે તેમાં ઘણી જગા પણ જોવામાં આવશે. આવી કોઇ ખામીઓ જણાયા પછી તે ઉપર મંડળનું લક્ષ ખેંચવામાં આવતાં બીજી આવૃત્તિ વેળા તે સુધારવામાં આવશે.

કારોબાર મંડળીના હુકમથી,

રૂસ્તમજી નશરવાનજી મુનશી,
ઑનરરિ સેક્રેટરિ.

પારસી લેખક મંડળ,
મુંબઇ, તારદેવ,
તા૦ ૨૮-૬-૧૯૧૭.

સમોચ્ચાર શબ્દ સંગ્રહ.

અ.

અગ, n. પહાડ, a mountain. (૨) સુરજ, the sun (૩) સાંપ, a serpent. **અઘ,** n. પાપ, a sin. Cf. અઘ-ઓઘ, a heap of sins.

અગરૂ, n. અગરને અગરૂ પણ કહે છે, aloe-wood. **અઘરૂં,** adj. મુશકેલ, difficult. Cf. અઘરા સમ. a terrible oath.

અટારી, n. (અટાલી) અગાસી, A balcony. **અત્તારી.** n. (અ) અત્તર વેચનાર, A perfumer.

અડી, n. સોનીનું એક હથીઆર. A tool, a *die* of the goldsmith. (2) મુશકેલ વખત a crisis. e. g. અડીનો વખત, A critical time. અડીભીડીની ઢાલ, a sure and powerful supporter. **અદી,** અરદેશર ઉપરથી લાડકું નામ.

અઢી, adj. બે અને અરધો, two and a half. **અધિ,** નામની અગાઉ વપરાતો પ્રત્યય, જેમકે, અધિ-કાર, અધિ-રાજ, અધિ-પતિ, (૧) તરફ (૨) વધારે આગળ.

અઢેલી, v. p. t, ટેકો દીધો, Leaned, reclined upon. e.g. તે ખુરસીને અઢેલી બેઠો, he leaned against the chair. **અધેલી,** n. અરધા રૂપીઆનો સીકકો, an eight anna piece.

અડા, n. (from અડવું to touch), ટેકો, support, help e. g. અડા દેવી, to support; અડા-અડી. a crisis. **અદા,** n. (ફા.) નખરાં, લાડ, amours, blandishments, e. g. અદા કરવી, to make amorous gestures. ફરજ

અદા કરવી, to do a duty, કરજ અદા કરવું, to pay a debt.

અધર, n. નીચલો હોઠ, the lower lip. **અદ્ધર**, adj. ટેકા વગર, supportless. **અધર**, (adj.) નિચલો, lower.

અનાડી, adj. બેવકુફ, stupid; odd, untoward. **અનાદિ**, adj. જેનો છેડો કે શરૂઆત નહી તે: પરમેશ્વર, eternal; God. (અન+આદિ અન=નહી+આદિ=શરૂઆત.)

અમલ, n. (ફા) સત્તા, authority, rule. **અમળ**, adj. ચોખ્ખું, મળ વગરનુ, pure, free from dirt. (અ= નહીં+મળ=કચરો.)

અડધી, n. પૈ, પાઇ, a pie. (Confined to Bombay proper and the Deccan as opposed. to Gujarat). **અરધી**, adj. આખાના બે ભાગમાંથી એક, a half.

અડધો, n. અરધો રૂપીઓ, a half-rupee coin. **અરધો**, adj, એક આખાના બે ભાગમાંથી એક ભાગ, a half.

અલક, n. બાલનું ગુંચડું, a lock of hair. **અલખ**, adj. આંખે દેખી ન શકાય તેવું, unseen. imperceptible. (૨) n. પરમેશ્વર, જે આંખે દેખી ન શકાય તે, God.

અલિ, n., મધમાખ, a bee. **અલી** or **અલિ** n. હિંદુઓ પોતાની બાયડીને બોલાવતી વખતે વાપરે છે. (2) સહી a female friend. (૩) મુસલમીન નામ-અહલિ.

અવલ, n. (ફા) પહેલું, first. **અવળ**, અવળું adv. (જેમકે, અવળ સવળ=ઉંધું ચત્તું) at random. Cf. અવળ ચંડી નાર.

અ-વાઢ, adj, કાપી નહી શકે તેવું, blunt, edgeless:—n. દરવાજાનું પાનલ, a panel. **અ-વાટ**, adj., ઉજ્જડ, desolate, untrodden.

આ.

આગલી, adj. અગાઉની, previous, former. **આગળી**,= the front part of a sugar cane, શેરડીનો આગળનો કડકો.

આગે, આગળ, જેમકે આગે આગે ગોરખ જાગે, you will prosper as you proceed. (2) **આગે**, આગથી, by fire. **આઘે**, adv. દૂર, at a distance.

આઠ, adj. સંખ્યા વાચક શબ્દ eight. **આથ**, from આથવું, to preserve in salt, to pickle.

આડત, n., કમિશનથી થતો વેપાર, brokerage, agency. **આદત**, n., ટેવ, Habit.

આડી, adj. (જેમકે, ઉભી આડી) lying crosswise—technical term denoting *bier*. **આદિ**, n, શરૂઆત, મૂળ, source, beginning. (2) adj. મૂખ્ય, પહેલું, original, principal.

આડું, adj. ઉભાંથી ઉલટું, lying crosswise **આદુ**, n, એક જાતની મસાલાની વનસ્પતિ, ginger.

આણી, v. p. t. લાવી, brought. (2) adj. આ બાજુ, જેમકે, આણીગમ; this side. **આની**, n. બાર પૈનો સીકકો, an anna coin.

આબ, n. (ફા) પાણી, water. e. g. આ હીરો આબ વગરનો છે, this diamond has no lustre. cf. આબો હવા= climate; **આભ**, n., આકાશ, the sky.

આલ, v. imp. આપ, give. **આળ**, n., તોહમત, a false charge.

આલું, n., તોહમત, a false charge. (2) ક્રિ. આપું, I give. **આળું**, adj. ચામડી ઉખડી ગયલું, lately stripped of skin, hence, painful—unhealed.

આંગલી, n , બચ્ચાનું પહેરણુ, a small coat for an infant. **આંગળી**, n. (હાથની અથવા પગની આંગળી), a finger, a toe.

આંજણી, n., આંખ ઉપર થતી ઝીણી ફોલ્લી, a sty on the eye-lid. **અંજની**, the mother of Hanuman, the monkey-god. **આઝણી**, (વાંઝણી) n., a barren woman. Cf. (a proverb) આંજણી, ઘર ભાંજણી, રહે વાંઝણી–આજ મારે ઘેર, કાલ તારે ઘેર–રહે વાંઝણી.

ઉ.

ઉગવું, ક્રિ. જમીનમાંથી ફુટવું, to grow, to rise. જેમકે, ઝાડ ઉગ્યું; સુરજ ઉગ્યો. ઉંઘવું, v. inf. સુવું, to sleep.

ઉગાડવું, v. inf. જમીનમાં બી રોપીને પાક ઉત્પન્ન કરવો, to grow, to cultivate. ઉઘાડવું, v. inf. ખોલવું, to open, to unlock. ઉંઘાડવું=to cause to sleep=નિદ્રા કરાવવી.

ઉડ, v. imp. (ઉડવું) જેમકે, હવામાં ઉડ, fly. ઉદ, n. પાણી, water, Cf ઉદ--ધિ, the ocean.

ઉણું, adj, ઓછું; ખામીવાળું, weak, faulty, defective, જેમકે, ઓગણીસ એટલે વીસમાં એક ઓછું; તેમજ પા=quarter+ઉણુ=less=પોણું; એકમાં પા ઓછો. અક્કલનું ઉણું, અન્ન વસ્ત્રથી ઉણું. ઉનું, adj, ગરમ, hot, warm.

ઉંદર, n., એક જાતનું જાનવર, a mouse, a rat. ઉદર, n. પેટ the abdomen, the stomach, the womb. Cf. ઉદરણી, pregnant; ઉદર પોષણ:=ઉદર–નિર્વાહ, livelihood, ઉદર ભરવું, to maintain one's self.

એ–ઓ.

એડી, n. જેમકે, પગની એડી the heel of the foot (2) સોનીનું એક હથિયાર, a goldsmith's tool. **એદી**, n.

આળસુ, lazy, sluggish, (2) બહુ ખાનાર-ખાઘરો. a glutton.

ઓટણી, n. (from ઓટવું, to hem) hemming: ઓતણી, n. (from ઓતવું, to cast) A mould for casting Cf. ઓત-પ્રોત, warp and whoot.

ઓઠ, (હોઠ-હોટ) n. a lip. ઓથ, (ઓથો) n. મદદ, help, support જેમકે, મારે તો એક પરમેશ્વરની ઓથ છે, I have no other help but from God.

ઓઠું, n. બહાનું, an excuse (2) n. બેવકુફ માણસ, રમકડું, a fool, a puppet. ઓઠું=ચોકઠું=a design a frame. ઓથું, n. આશરો, shelter જેમકે, ઓથું લેવું, to hide oneself.

ઓઠો, n. plu. હોઠો, lips. ઓથો, n. છાંયડો, a shade (2) કોટી, an embrace (3) વચમાં પડવું તે, intervention.

ઓઢ, v. imp. ઢાંક, cover the body. ઓધ, n. ઓલાદ, વંશ, જેમકે, ઓધે ઉતરવું, to come down as an inheritance.

ઓઢો, v. imp. શરીરને ઢાંકો, cover the body. ઓધો, n. મોટી પદવી, a post. હોદ્દો હાથીની અંબારી a howdah.

ઓલ, n. જીભ ઉપરના મેલની થરી, dry saliva on the tongue (2) n. જામિન. a surety, a bail. ઓળ, n. હાર, લીટી, a line.

ઓલા, n. ચામડું, a hide, a skin. ઓળા, n. તાજા ચણા, green and fresh gram.(2) ઓળા=પડછાયા=shadows.

ઓલો, adj. પેલો, that. ઓળો, n. પડછાયો, છાંયડો, a shadow Cf. ઓળો બાળવો, to reveal a secret.

ક.

કડ, (કેડ) n. કમર, the waist (૨) એક જાતનો અવાજ, જેમકે, કડ-કડ બોલવું. **કદ**, n. બાંધો, આકાર, size.

કડી, n ગોળ વીંટી, a ring, a hook. (2) કવિતાની બે અથવા ચાર લીટી, two or four lines of poetry, a stanza. (3) કડી-કલ્લોલ પ્રાંત ગાયકવાડનો મુલક. **કદી**, adv. કોઇ વખતે, at some time, at any time; કદી નહિ, never.

કણુક, n. ગુંદેલો આટો, dough, flour (2) નાનો દાણો, small grains. **કનક**, n. સોનું, gold, wealth.

કંઠ, n. ગળું, સાદ, the throat, the voice, Cf. કંઠસ્થાની, guttural: કંઠી, a necklace. **કંથ**, n. ધણી, આશક, a husband, a lover (from કન-to love)

કઠણ, adj, સખ્ત, પોચું નહિ તે, hard, strong. **કથન**, n. વર્ણન (from કથ to narrate), a narration, a story.

કટ. જેમકે, કટ કટ કરવી, to prattle, to make noise (2) કટ=ચટાઈ=સાદડી. **કત**, n. કલમની અણી, the point of an ink pen.

કટાર, n. ખંજર, a dagger. **કતાર**, n. હાર, a column, જેમકે, પત્ર અથવા ચોપાનિયાંની કતાર.

કટ્ટો, adj, ગળું પકડે એવો વેરી, a bitter enemy જેમકે, કટ્ટો દુશ્મન. **ક-તો**, n. જાડી અણીવાળી કલમ, an ink pen to write a thick hand.

કરેલી, v. p. t. (from કરવું to do) done. **કરેળી**, n. ભયંકર બૂમ, a loud scream. (૨) ગુસ્સો, anger દોરડો એ કોણે બાંધ્યો છે, શું આવે તાવની ઝરેળીજી; તું સરખો જોધ્ધો થયો રોગિયો, દેખી મને ચઢે છે કરેળીજી.

પ્રેમાનંદ.

કલ, ઝીણું ગાયન; ઝોંક, વલણ. **કળ**, n. ચેન, સુખ, ease, જેમકે, હવે એની કળ વળી, now he is at ease (૨) તાળું, a lock. Cf. (proverb) કળથી થાય તે બળથી ન થાય.

કલિ, કલજુગ ૪,૩૨,૦૦૦ વર્ષનો યુગ. કલિયુગ, the iron age. કળિ, n. ફુલની કળી, the bud of a flower.

કશ, n. એક જાતનું હથીઆર, iron instrument for digging. **કસ**, n. તપાસ, જેમકે સોનાનો કસ કરવો, test of gold on a touchstone (2) દમ, સાર, જેમકે, હવે એમાં કશો કસ રહ્યો નથી, value, importance, (3) ડગલીનો કસ, a bandage or a tie of a garment (૪) જમીનનો કસ, fertility.

કશી, adj, કાંઇ, any. **કસી**, v. p. t. તપાસી, tested જેમકે, સોનું જોઇએ કસી, અને માણસ જોઇએ વસી (કહેવત)

કાલ, n. આગલો અથવા પાછલો દિવસ, yesterday, tomorrow, ગઇ કાલ–આવતી કાલ. **કાળ**, n. વખત, time (2) તંગી, famine cf. દુકાળ, a famine; સુકાળ, plenty. (૩) મોત, death.

કાલુ, n. એક જાતની માછલી, the oyster fish. **કાળુ**. કવિ કાલીદાસનું ટુંકું નામ.

કાલું, adj. બચ્ચાંના ઉચ્ચાર જેવું, ત–ત–પ–પે, lisping, child-like, hence pleasing (2) રૂની ફળી, જેમકે, રૂનાં કાલાં, cotton pods. **કાળું**, adj. કાળા રંગનું, black, sable.

કાચર, n. ઘણો નાનો ટુકડો, a small bit. **કાછર**, n. એક જાતનું ઘાસ, a kind of coarse grass (આ શબ્દ ધરમપુરના રાજ્યમાં વપરાય છે.)

કાટ, n. ઘરનો કાટ, debris. **કાત**, n. પેટ, the stomach.

કાટવું, v. inf. કાપવું, to cut (2) કીટાયલું, rusty.
કાંતવું, v. inf. દોરો બનાવવો, to spin.

કાંટો n. જેમકે, માછલીનો કાંટો, ગુલાબનો કાંટો, a thorn (2) તોલવાનો કાંટો, a balance (3) ઘડિયાલનો કાંટો the hand of a clock or a watch. **કાંતો**, adj. એમાંથી એક (કાં+તો) either, જેમકે, કાંતો આંખ ફોડ. (2) from spin, કાંતવું, જેમકે, ઝીણું કાંતો.

કાઠો, n. મોટી કાઠી, a big stick. **કાથો**, n. એક જાતનું વસાણું, પાનમાં ખાવાને કાથો, catechu.

કાંણો, adj. એક આંખવાળો, one-eyed. **કાનો**, n. a vowel mark in Gujrati (2) n. કાનનું બહુવચન, ears.

કુટો, (from કુટવું to powder). n. ભુકો, a rough powder (2) ઝીણી માછલી, a kind of fine fish **કુતો**, n. કુતરો, the dog.

કુડતું, n. બચ્ચાનું પહેરણ, કુરતુ, a frock. **કુદતું**, p. p. નાચતું, કુદકા મારતું, jumping.

કુડવું, v. inf. ચીરડાવું, to be teased, to be vexed **કુદવું**, v. inf ભુસ્કો મારવો, to jump.

કુડું, adj, ખરાબ, દુષ્ટ, bad, wicked, જેમકે કુડાં કર્મ. **કુદું**, v. હું કુદું છું, I jump. **કુંડું**, n. ઝાડનું કુંડું, a flower pot. (2) મોટું કુંડાળું, a big circle.

કુલ, adv. સામટું, તમામ, સરવાળો, total, whole, જેમકે બિલકુલ **કુળ**, n. ખાનદાન, ઓલાદ, વંશ, family, heredity.

કુલે, n. જેમકે, (કહેવત, નાગાને કુલે બાવળ્યો ઉગ્યો, તો કહે મને છાંયડો થયો.) on the buttock. **કુળે**, n. ખાનદાને, By birth જેમકે, એ કુળે બહુ ઉંચો છે.

કેડ, n કમર, the waist, the hip. **કેદ**, n. (અ) બંધીખાનું, imprisonment.

કેડી, n. રસ્તો, a foot-path. **કેદી,** n. બંધીવાન, a prisoner.

કેલ, adj એક, one. Cf કેલપડી, eleven. **કેળ.** n., કેળાંનું ઝાડ, the plaintain tree.

કેશ, n બાલ, the hair. **કેસ.** n. મુકદમો, a law-suit, a case (આ ઇંગ્રેજી શબ્દ છે).

કોડ, n. એક જાતનો સાંપ, a kind of serpent. **કોઠ.** એક જાતનું ફળ, a wood-apple.

કોડી, n. બે પૈ, a coin of a small value, now not in use. **કોંદી,** n. કદી, કોઇ દિવસ, some day.

કોણી. n હાથનું ઘુંટણ, the elbow. **કોની.** *pron.* ક્યા માણસની, whose.

કોલ. n કેલ mortar, (2) કોલ્હું, a jackal, (3) વચન. a promise. **કોળ.** n ઉંદર, a large rat. cf. કોળવાઇ, a rat-trap.

કોલી. n. ગાય, a brown cow (2) કોલા રંગનું of a brown reddish colour **કોળી.** n. મજૂર, કોળીની જાતનો, one of the Sudra class.

ખ.

ખટ, n. લુચ્ચો, a rogue, a rascal, cf. ખટપટ, dispute (2) એક રાગ (3) છ, six. **ખત.** n. (ફા) લખત, કાગળ, a bond, an agreement, a letter. cf. ખતપત્ર, documents, હરફ, અક્ષર (જેમકે " ખુશ ખત બિસ્યાર ગલત.")

ખડી, n. લખવાનો ચાક, chalk (2) પથ્થરનો ભુકો, pebbles. **ખદી,** (from ખદવું to go fast)

ખણી, v. p. t. (from ખણવું to dig) dug. **ખની,** (ખનિ), n. ખાણ, n. a mine. cf. ખનીજ પદાર્થ.

ખલ, n. (જેમકે ખલ-બતો) a mortar (2) લુચ્ચો, a rogue, a rascal. **ખળ**, (જેમકે-ખળખળતું) hot Cf. ખળભળ, noise, tumult (2) from ખળવું to rub leather, to make it glossy.

ખલક, n. (અ) દુનિયા, the world. **ખળક**, v. imp. from ખળકવું, to appear splendid or beautiful (2) ખળકવું, to make a rattling noise.

ખાડી, n. a channel, a creek. **ખાદી**, n. એક જાતનું કપડું, a kind of coarse cloth.

ખાણું, n. ભોજન, a meal, dinner, a party. **ખાનું**, n. ઘર, કુટુંબ, મેજનું ખાનું, a drawer; કાગળ ઉપર દોરેલો ગાળો, a column, or a square drawn on a sheet of paper.

ખુડ, n. અગાસી, a terrace of a house (આ શબ્દ કાઠીઆવાડમાં વપરાય છે). **ખુદ**, pron. (ફા) પોતે, self, Cf. ખુદા, literally one who created himself, God.

ખૂણો, ખુણું, a corner. **ખૂન**, n. (ફા) મનુષ્ય વધ, લોહી, ઘાત, હંત્યા, blood, murder.

ખેડ, n. ખેતી, tillage, ploughing, જેમકે, ખેડ ખેતર ને પાણી પાનને લાવે તાણી. (કહેવત). **ખેદ**, n. દિલગીરી. અફસોસ, sorrow, affliction, pain.

ખેડા, v. imp. from ખેડવું to till. **ખેદા**, n. કેડો, pursuit, chase. જેમકે, એકદા ગયો તે વનમાંહ, કીધો હસ્તીનો ખેદો ત્યાંહ,—**દયારામ.**

ખેલો, n. plu- ખેલનું બહુ વચન, plays, shows (2) imp. of ખેલવું, to play. **ખેળો**, n. નાટક કરનાર સ્ત્રી અથવા પુરૂષ, an actor or an actress. ઘસ્કી સ્ત્રી, a belle.

૭૧૩૮

ખોલ, n. પોકળપણું, hollowness, કવર, ઢાંકણુ, a loose covering made of metal or cloth (૩) ઉપરની ચામડી, જેમકે, એની ખોલ કાહાડી નાખી. **ખોળ,** n. તપાસ, a search, an inquiry; ઢોરને ખવાડે તે ખોળ, તલનો છુંછો, an oil cake.

ખોલી, v. p. t. (from ખોલવું, to open) ઉઘાડી, opened. **ખોળી,** n. નાનું ખોળું, a metal covering (2) ઓરડી, a small room.

ખોલો, v. imp. ઉઘાડો, Open (from ખોલવું to open). **ખોળો,** n. બે પગ વચ્ચેનો ગાળો, a lap. (2) the folds of a garment near the lap.

ગ–ઘ.

ગટ, પીતી વખતે ગળાંમાંથી નીકળતો અવાજ noisily, gurgingly (while drinking), જેમકે, તે ગટગટ પી ગયો. **ગત,** adj. ભૂતકાળનું, past, gone જેમકે, ગત–કાળ. (૨) ચાલ-ચલણની રીત, manner of living, peculiar nature (૩) સીતારની ગત.

ઘટ, n. નુકસાન, decrease, loss જેમકે, તોલમાં ઘટ આવી. **ઘટ્ટ,** adj. ઘાડું, એકદમ પાણી જેવુ નહી તેવું, thick, coarse, જેમકે ઘટ્ટ કપડું; ઘટ્ટ પ્રવાહી.

ગડ, n. ગુમડું, ગાંઠ, a knot, a boil. **ઘડ,** v. imp. (from ઘડવું to shape) shape, prepare, make. e. g. અણુ-ઘડ. **ગદ,** n. રમતમાં હાર, a defeat in a game (2) a mace bearer, ચોપદાર; જેમકે "ભીમે ગદ વાતો સુણી, ઘણો કર્યો ઉપદેશ-પ્રેમાનંદ. cf. ગદ–ગદ કંઠ, a faltering voice. ગદ=Disease—દર્દ, Cf. અગદ=ઓસડ.

ગડી, n. કપડાંની ગડી, a fold (2) મજુર, a labourer. (confined to Bombay alone—Dakshani

Marathi word.) **ઘડી,** n. ૨૪ મિનિટ, a period of 24 minutes. (૨) v. p. t. બનાવી, shaped, made, formed.

ગઢો, n. plu. પહાડી કીલ્લાઓ, hill-forts. **ગધો,** n. ગધેડો, an ass; a fool.

ગણગણ, n. માખીનો અવાજ, Humming. (2) ગુણ, benefit; જેમકે, ગણના ભાગ્ને દોષ Returning evil for good, (3) ટોળું, a multitude. જેમકે, "હરિ મૃગ ગણ સાંધ્વા, આવતા બે લજાવા, મરણ શરણ જાવા. અંગ ચિંતા પજાવા." પ્રેમાનંદ. **ઘણ,** n. એક જાતનો લાકડામાં રહેતો જીવડો, an insect found in timber. (2) મોટો હથોડો a large hammer.

ગણું, જેમકે ચારગણું-પાંચગણું, four fold, five-fold, (2) v. જેમકે, હું ગણું છું, I am counting (from ગણવું, to count). **ઘણું,** adj. અતિશય, much, excessive.

ગડો, n. મોટો કાંકરો, a large pebble, જેમકે, "ઝીણી રેતીમાં ગડા નહી ભળે, રજમાં રજ સમાય"—**ભોજો ભગત.** **ઘડો,** n. બરણી, a jar, an ewer.

ગતિ, n. હાલત, દશા, state, condition, motion. **ઘટી,** n. ઘડી, a period of 24 minutes.

ગમ, n. (ફા.) દિલગીરી, Sorrow, grief. **ઘમ,** જેમકે ઘમ-ઘમ swiftly, soon "સોટી વાગે ચમચમ, વિદ્યા આવે ઘમઘમ"–**કહેવત.**

ગર, n. માવો, pulp, kernel, (2) જાનવરની છેર, poisonous matter of some animals or insects (3) છુપો ભેદ, a mystery. **ઘર,** n મકાન, રહેવાની જગા, a house, a dwelling-place.

ગરડો, n. તંબાકુની જાત, tobacco crushed and other-wise prepared for chewing. **ઘરડો**, adj. બુઢો, old, an old man.

ગલ, n. ગર, છુપો ભેદ, a mystery, a secret (2) માવો, pith. **ગળ**, જેમકે ગળ-ગળો અવાજ, piteous, voice, supplicating sound ગળગળવું, to entreat, to supplicate. જેમકે, "ગળું ગળગળું થાય, નેત્રથી નીર ઝરે છે, બોલે હળવા બોલ, શ્વાસ ઉસાસ ભરે છે."—**સામળભટ.**

ગલી, n. નાનો રસ્તો, a lane, a street. **ગળી**, n. ગુળી ધોબી લુગડા સફેદ કરવા માટે વાપરે છે તે વસ્તુ, indigo. (2) (from ગળવું-ગાળવું to strain, to filter) જેમકે, સો ગળણે ગળી પાણી પીવું.

ગલેલી, n. એક ફળ, the kernel of a palm-nut. **ગળેલી**, v. p. p. (from ગળવું to leak)

ગાઠી, adj. નબળું, weak, worn out "અસ્થિ નીકળ્યાં, ત્વચા ગાઠી, ભયાનક હણહણુ."–**પ્રેમાનંદ.** **ગાથી**, n. ગાથા, કવિતારૂપી વર્ણન a story written in a verse. "જશ તૃણવત ગુણ-ગાથી કહું ઉદળ ગુડળમાં."–**વલ્લભ ભટ.**

ગાડી, n. રથ, ઘોડાની ગાડી, a carriage, a vehicle. **ગાદી**, n. રાજાની ગાદી, a throne (2) ખુરસીની ગાદી, a cushion. **ઘાડી**, adj. પાતલી નહી, thick જેમકે, ઘાડી મિત્રાચારી, intimate friendship.

ગાત, n. શરિર, ગાત્ર, શરિરનો ભાગ, the body, a limb. **ઘાટ**, n. એક જાતનું રેશમી કાપડ, જેને ઘાટ-પોત પણ કહે છે, a kind of silken cloth (2) પાહાડમાં કોતરેલો રસ્તો, a mountain pass, a *ghaut* (૩) આકાર, a shape, a form. **ઘાત**, n. ફટકો, ખૂન, a stroke, a blow a murder, destruction, e. g. આપઘાત, વિશ્વાસઘાત, પ્રાણઘાત.

ગાલ, મોઢાનો ભાગ, n. the cheek. e. g. ગોલાબી ગાલ, ગાલમાં હસવું. **ગાળ,** n. ખરાબ શબ્દ, an abuse, abusive language (2) imp. (from ગાળવું, to filter) filter. જેમકે, પાણી ગાળ. **ઘાલ,** n. હાર, a row, a rank, (2) ઘટ, ખોટ, loss, deficiency-ઘાલ–મેલ, Disorder, confusion. e. g. મેચમાં ઘાલ ખાધી.

ગાન, જેમકે–ગાન-તાન, singing. **ઘાણ,** n. નાશ, Ruin, જેમકે, કચડઘાણ (2) મીઠાઈ અથવા પકવાન બનાવતી વખતે એકી વખતે વપરાયલો જથો. a quantity thrown at a time into a frying-pan.

ગામ, n. થોડાં ઝુંપડાંની વસ્તીવાળું મથક, a village. **ઘામ,** n. પસીનો, ગરમી, perspiration, warmth.

ગાલો, n. ગાલ-નું બહુવચન, cheeks. **ગાળો,** n. ગાળ-નું બહુવચન, abusive words. (2) વચલો વખત, an interval, જેમકે દશ મિનિટનો ગાળો મળે છે (3) ઘરનો ગાળો, a compartment of a house. (4) ખરીદીનો ગાળો–વટાવ discount on a purchase.

ગુંટાવું, ગુંથાવું v. inf. રોકાવું, to be occupied જેમકે, તે વાંચવામાં ગુંટાયો (ગુંથાયો) છે. **ઘુંટાવું,** v. inf (from ઘુંટવું) to be polished, to be pulverized, જેમકે, આ દવા બરાબર ઘુંટાઇ નથી.

ગુણો, v. imp. (from ગુણવું, to multiply) multiply, જેમકે, ચારને પાંચે ગુણો. n. (2) ફાયદા, advantages. **ગુનો,** n. ગુનોહ-વાંક–તકસીર, n. a fault, a crime, a sin. **ઘુનો,** n. ખાડી, a ditch (આ શબ્દ કાઠીઆવાડમાં વપરાય છે.)

ગુંથવું, v. inf. to knit, જેમકે, મોજાં ગુંથવાં to knit stockings. **ઘુંટવું,** v. imp. મસળવું, પાલીસ કરવી, to rub, to glaze, જેમકે મલમ ઘુંટવો, અક્ષર ઘુંટવા.

ગુમ, જેમકે, ગુમ થવું, to be lost. ધુમ. (from ધુમવું, to reel, to feel giddy) જેમકે, મારૂં મગજ ધુમે છે. જેમકે, ધુમા–ધુમ wild noise, confusion. e. g. "પેલી વાદળીઓએ ધુમાધુમી માંડીરે; હવે વરસાદ આવશે માડીરે."—

નવલરામ.

ગુસ્સો, n. ચીડ, anger. ધુસો, v. imp (from ધુસવું to rush in) enter without an invitation. ધુસણિયો, an intruder, ધુસિયું, a rat-trap, (2) n. plu. ધુસનું બહુવચન, ઉંદરો, rats.

ગેન, n. ઘરેણું હિંદુઓ પગના અંગુઠા ઉપર પેહેરે છે. ઘેન, n. નીશા, ઝુમ, drowsiness; intoxication. ગેંણુ, n. ગેણાં, બળદ, bullocks.

ગેર, જેમકે, ગેરઇનસાફ, injustice, ગેરફાયદો, ગેરલાભ, disadvantage, ગેરરીતે, in a wrong way; ગેરસમજુતી misunderstanding. ઘેર, n. રહેઠાણ, a house, a dwelling-place.

ગેલ, n. રમત, amusement, diversion. ઘેલ, adj. ઘેલો, બેવકુફ. mad, lunatic. cf. ઘેલ—ચંદ્ર, a lunatic, ઘેલડી, a mad-woman.

ગોટ, n. પાણીનો ગોટ, a draught. ગોત, n. ગોત્ર, કુટુંબ, a family, a tribe. ગોત, (from ગોતવું) n. શોધ, a search.

ગોઠવવું, v. inf. હારમાં મુકવું, to arrange. ગોટવવું, v. inf. ધુમાડામાં ગુંગળાઇ જવું to be suffocated. ગભરાઇ જવુ, to be confused, જેમકે, તે ધુમાડામાં ગોટાઈ ગયો.

ગોડ, n. ગુમડું. a boil, a tumour. (2) તેજ પ્રમાણે નકલ, imitation. જેમકે, "કરણી તો કાગની, ગોડ કરે હંસની–"

નરસિંહ મહેતો.

ગોદ, n. છાતી, બાજુ, પાસું, the bosom, જેમકે, તેણે તેને ગોદમાં દાબ્યો, he embraced him.

ગોડી, n. મીઠાસ, sweetness. **ગોદી**, n. વહાણ લાવવાની જગા, a dock-yard. **ઘોડી**, n. f. ઘોડાની માદા, the mare. (2) લાકડાની નાની બેઠક, a wooden stand.

ગોર, n. બ્રાહ્મણ, a family priest જેમકે, વર મરો કે કન્યા મરો, પણ ગોરનું તરભાણું ભરો—(કહેવત) ઘોર, n. કબર, a tomb. (2) adj. ઘાડો અને ઉંડો અવાજ, hoarse deep sound, cf. ઘોર નિંદ્રા, sound sleep. (3) બીહામણું frightful જેમકે, 'ચાર દહાડાનું ચાંદરણું ને ઘોર અંધારી રાત." (કહેવત).

ગોરૂં, adj. રંગમાં સફેદ, white in colour, beautiful, white. ઘોરૂં, (inf. ઘોરવું) તે ઘોરે છે, he is in sound sleep, he snores (2) રસ કાહાડવો, e. g. હું આંબો ઘોરૂં છું.

ગોલો, n. રાજાનો નોકર, a king's servant. a page (2) રમવાના પાનાનો ગોલો, a knave, a jack. ગોળો, n. દડો, a ball, a globe e. g. પૃથ્વિનો ગોળો, the globe.

ઘાટી, n. ઘાટમાં રહેનાર, હેલકરી, a mountaineer, a cooley. **ઘાતી**, n. કસાઇ, A butcher, a slaughterer (2) adj. ક્રુર, ઘાતકી, cruel, pitiless, cf. વિશ્વાસઘાતી.

ચ.

ચાલો, n. plu. (from ચાલવું, to walk, to behave) વર્તણુક behaviour (2) રેવાજો customs. **ચાળો**, n. આંખનો લેહકો, Winking of the eye (2) હાથનો ચાળો, a gesture (3) નળિયાં ચાળનાર, a tiler.

ચીણ, n. ચુણ, કપડાંની ચીણ, a tuck made in a garment. **ચીન**, n. ચીન દેશ, China, **ચિહ્ન**, n. નિશાની, a mark.

ચીણી, જેમકે, ચીણી-બોર, નાનાં બોર, a kind of bores, small in size. **ચીની,** n. f. ચીન દેશની બાયડી, A China woman.

ચીભો, n. ખેતરમાં તેજ વરસમાં ઉતરેલો ત્રીજો પાક, the third crop produced in a field in the same year. **ચીનો,** n. m. ચીન દેશનો રહેવાસી, a Chinaman.

ચુણો, n. ચુણ-નું બહુવચન, tucks in a garment. **ચુનો,** n. chunam. cf. કળીચુનો, lime. **ચુનો,** v. imp. select=પસંદ કરો, cf. चुन चुन क लेना ॥

ચેણુ, n. એક જાતનું ઉંદરડી જેવું જનાવર a mole. **ચેન,** n કરાર, શાંતી, rest, ease. peace of mind.

છ.

છટ, interj. ધિક્કારનો શબ્દ, Fie. tush, pshaw. **છત,** n. છત્ર, છત્તર, a canopy, a ceiling (2) પુષ્કળપણું, plenty.

છટા, n. બોલવાની સફાઇ, eloquence. **છતા,** (fromછો-છે) prep. as, તમે છતા જાઓ છો ત્યારે તેને આમ કેહેજો. as you are going, tell him so. **છતા**=Publicly opp. to clandestinely, જાહેર થવું, જેમકે, તેઓ છતા થયા= they became revealed.

છાટો, n. plu. છાટ-નું બહુવચન, પથ્થરનાં વેહેરેલાં પાતીઆં, large long slabs of stone. **છાતો,** n. છાતી, breast, courage, જેમકે, એની છાતી છે કે છાતો ?

છાણું, n. છાણનું ઢેફું, a cow dung cake. **છાનુ,** adj. ખાનગી, ગુપચુપ, silent, quiet, private.

છેડ, n. (from છેડવું) છેડણી, વાંક શોધવો તે, teasing, provocation (2) પાડેલું નામ. a nickname. Cf. સવાલ છેડવો, to tackle a question. **છેદ,** n. કાણું,

an orifice, a hole (2) અંકગણિતમાં અપુર્ણાંકની નિચેનો આંકડો, the denominator of a fraction ભાગાકારમાં ભાંજક, the divisor (3) કાપ, a cut.

છેડો, n. હદ, limit, end, boundary (2) ઘડિયાળનો છેડો, a chain. છેદો, n. પછવાડે લાગવું તે, a pursuit (2) imp of છેદવું to cut.

છોલ, n. છાલ, bark, rind, peel. છોળ, n. પાણીનો મોજો, a wave, a billow.

જ-ઝ.

જંગ, n. યુદ્ધ, લડાઇ, fight, war. જંઘ, n. જંઘા, જાંઘ, the thigh, (2) the whole leg.

જગન, n. શુભ પ્રસંગ, an occasion of festivity in a family (derived from. યજ્ઞ). જઘન, n. કમર, the hip and loins, buttocks.

જગાત, n. જકાત, માલ ઉપર લેવાતો કર, custom duty. જઘાત, n. ભાદરવા વદ ૧૩ એ દિવસે મરણ પામેલાં છોકરાંઓની ક્રિયા કરવાનો દિવસ, the day fixed for performing the *shraddha* or funeral ceremony of dead children.

જટ, adj. જટલ, બહુ બોલો, હુજતી, જીદી, obstinate, (2) loquacious. જત, જેમકે—જત લખવા કારણ, namely, to wit. યત્-જત્ that or whereas.

જટા, n. સાધુના માથાની ઉપરના બાલ, matted hair on the head of devotees. જતા, (pr. p. from જવું, to go) going. cf. જતા-મતા, n. મલતાવડાપણું agreement and concurrence.

જઠર, n. પેટ, the stomach. જથર, જેમકે—જથર-પથર, at random, confusedly.

જણુ, n. માણુસ, આદમી an individual, a man (2) જણુવું-એનો આજ્ઞાર્થ રૂપ. જન, n. માણુસ જાત, mankind e. g. જન પ્રજા, જન લોક, જેમકે, જન મોઢે જન વાત, જન—ચર્ચા, popular talk ; જન મત public opinion.

જમણા, adj. ડાબો નહીં તે, right, જેમકે, જમણા હાથે. જમના, n. નદીનું નામ (2) સ્ત્રીનું નામ.

જલે, n. ઝલે, એક જાતનું જીવજંતુ, a kind of insect, a cricket. જળ, n, પાણી, water.

જાદુ, n. છુમંત્ર, magic, ઝાડુ, n. સાવરણી, a broom.

જાડો, adj. માતેલો, ઢાંગો, fat, stout ઝાડો, n. વૃક્ષો, trees.

જાણુ, n. જ્ઞાન. સમજ, knowledge, (2) v. imp (from જાણુવું to know). જાન, n જીવ, પ્રાણુ, soul (2) દિલજાન, a sweet-heart. (3) લગનની જાન, a marriage procession.

જાણી, v. p. t. ઓળખી, સમજી, knew (from જાણુવું to know). જાની, adj. ખઈ. intimate જેમકે, જાની મિત્ર.

જારી, n. જારકર્મ, adultery (2) જારી રાખવું, to continue - ઝારી, n પાણી છાંટવાની બાલદી, a flagon, a bucket with a long spout (2) a ladle with holes

જાલે, n. પારસી છોકરાનું નામ, Jal. જાળ, n. માછલી પકડવાની જાળ, a net, a fishing-net, a snare. ઝાળ, ગરમીની આંચ, જવાળા, a flame.

જીટું, n. કાંટાવાળી ડાંખળી, a thorny twig ; cf "તેમાં હુતું નીર ભરાણું, જીટું જીટતાં તે ઝપટાણું" દયારામ. જીતું, હું જીતું છું, I win. જીતુ. જીતરામ કે જીતમલનું ટુંકું નામ.

જીણુ, n. કેરીનું ગોટલું, a mango—stone. **જીન**, n. ઘોડાની જીન, a saddle; (2) ભુત, a demon, a spirit.

જુડી, n. ઝુમખો, a bundle. **જુદી**, adj. બીજી, different, separate.

જેર, adj. તાબે, overcome, subdued જેમકે, જેર કરવું, to subdue; જેર થવું, to submit. **ઝેર**, n. વિષ, વિખ, poison (2) ગુસ્સો, anger.

ટ-ત.

ટક-ટક, n. ઘડિયાલનો અવાજ, tick-tick (2) ટકટક કરવી, to haggle, to wrangle, to squabble. **તક**, n. સમય, an opportunity.

ટણુકો, n મોનો લેંહકો, False airs. **તણખો**, n. ચીણગારી, a spark; (2) ઘાસની સળી, a straw.

તણી, તણું, કવિતામાં ૬ ઠી વિભક્તિના પ્રત્યયની જગાપર વપરાય છે=ની, નું, નો, a suffix. જેમકે દુઃખતણી, સુખતણી, સંસારતણી, વગેરે. **તની**, n. તાણો, a thread, a wire.

તણું, (જુઓ, તણી.) **તનુ**, n. શરિર, the body, (2) **તનુ**, adj. પાતળું, નાનું, thin, small.

ટપ, adv. જલદી, quickly (2) પીપ, a cask, a tub. **તપ**, n. સાધુની જપ, penance, devotion જેમકે, ઉગ્રતપ, જપ તપ, (2) તપવું ઉપરથી આજ્ઞાર્થ.

ટળવું, inf. મટી જવું, to pass off. **તળવું**, inf. તેલમાં પકાવવું, to fry.

તલ, n. એક જાતના ખોરાકીનાં બીયાં, Sesamum seeds (2) ચામડી ઉપર કાલો ડાઘ, a mole (2) તળિયું, તળેટી, the bottom. **તળ**, v. imp. (from તળવું, to fry) જેમકે, પટેટા ઘીમાં તળ.

તલક, adv. ત્યાંસુધી, till, until, as far as, જેમકે, સાંજ તલક, till the evening. **તલખ**, તીખું, pungent.

તળે, નિચે, તલે,-તલવડે-થી, જેમકે એકલા તલે ખેતરની પેદાશ કેમ વધે ?

ટાંકો, n. ટેભો, બખિયો, a stitch. તાકો, n. કાપડનું થાન, a long piece of cloth, a web.

તાટ. adj. ખેંચીને બાંધેલું, tight, close (2) સણનું કપડું, canvass. તાત, n. બાપ, the father.

તાટું, (ટાટું) વાંસની બનાવેલી બેઠક. a seat made of bamboos. તાતું, adj ગરમ, તપી ગયલું, hot, heated, warm Cf. તાતોમાતો = fattened, bloated or elated with pride.

તાણ, n. તંગી, want (2) તાણવું-નો આજ્ઞાર્થ (3) તાણુતોડ, convulsion. તાન, n. રાગ લંબાવીને ગાવું તે, a tune, running over different notes, જેમકે, ઉસ્તાદ તાન શુરથી ગાય છે.

તાણો, n. વણવામાં વાપરેલો લાંબો દોરો, the warp. તાનો, n. (ફા) ઠપકો, a taunt, a reproach, a retort.

તાલ, n. ગાવામાં વખતની વેહેંચણી, time in music, (2) યુક્તિ, બહાનું, જેમકે તાલમેલ. તાળ, n. માથા ઉપર બાલ નહી તે, baldness, જેમકે, એને માથે તાળ પડી છે. cf. તાળક, the top of the head. ટાળ, v. imp. મટાડ, relieve; cure, get rid of.

ટાળવું, inf. મટાડવું, to relieve or get rid of. તાલવું, n. મોઢાનું તાલકું, the palate.

ટાળો, n. ભેદ, a mystery, a secret, જેમકે, "તે ચૌદ વિદ્યા, ચોસટ કળા, ભાષા ભેદના ટાળા ઘણા." (કહેવત). તાળો, n. હીસાબ બીજી રીતે તપાસી જોવાની રીત, verification of a sum in arithmetic, જેમકે, ભાગાકારનો તાળો કરી જુવો.

તૂટ, n. (from તુટવું, to break) disunion, separation, a rupture જેમકે, તૂટફાટ. તૂત, n. જોડી કાઢેલી, ખોટી

વાતો, a fabrication, a fictitious story, જેમકે, નાચે કુદે નેહે ભરિયાં, કરે અન્યો અન્યે તુતો "—પ્રેમાનંદ. તુતે-તુત ચલાવવું, to carry on a series of impostures.

ટોડો, n. રૂપીઆની કોથલી, a purse of rupees (2) ઘરેણું, an anklet (3) જેમકે, તેને ટોડે કોઇ આવી શકે નહિ. તોડો, v. imp. (from તોડવું, to break) જેમકે, આ ભિંત તોડો.

ટોળ, જેમકે, ટોળ-ટપ્પા કરવા, to make jokes. તોલ, n. જોખ, વજન, Weight.

ટોળી, n. મંડળી, a company, a gang. તોલી, v. p. t. (from તોલવું, to weigh) Weighed.

ટોળું, n. ભીડ, a crowd. તોલું, હું તોલું છું, I weigh.

ટોળો, n. કોમ, નાયફો, a tribe a community. તોલો, n. રૂપીઆભાર વજન, a rupee weight (2) v. imp. weigh (from તોલવું.)

ઠ-થ.

ઠરવું, v. inf, નક્કી થવું, ઠરી જવું, to be resolved, to precipitate. થરવું, v, inf. પડ કરવાં, થરી બનાવવી, to put layers on.

ઠાણુ, n. ઘોડાને રાખવાની જગા, a horse-stall (2) નખરાં, ઠણુકા, coquettish airs. થાન, n. આંચળ, a woman's breast ; udders (2) કપડાંનો તાકો, a web, a long piece of cloth (3) સ્થાન, a place.

ઠાલું, adv. નકામું, વગર ફાયદાનું, to no purpose (cf ઠાલી, ઠાલું, ઠાલો). થાળું, n. ઘંટીના પથ્થર મુકવાનું લાંકડાંનું ખોખું, the wooden basin of a grinding mill. cf. કુવાનું થાળું; કામ થાળે પડયું છે, the work is placed on a better footing.

ડ—ઢ.

ડમ આપવો, to threaten. **ડમડમ**, a tom-tom.
દમ, શ્વાસ, breath.

ડર, n. ધાસ્તી, fear. **દર**, n. દીઠ, per, every (2) n. ભાવ, rate, price (3) દરવાજો, a door (4) કાણું, a hole.

ડરી, p. p. બીધી, was afraid of. **દરી**, n. ગુફા, a cave.

દળ, n. જાડાઇ, thickness, density (2) v. imp. (from દળવું, to grind) grind, જેમકે, ચોખા ઘંટીમાં દળ. (૩) ઘીમાં તળીને ખાંડ ભેળીને બનાવેલો આટો, flour fried and mixed with sugar (૪) પાંદડું, a leaf (૫) લશકર the army **દલ**, (ફા). દિલ હ્રદય, heart (જેમકે દલગિર)

ડાટ, from ડાટવું, to bury, **દાટ**, adj ઘાડું, જેમકે, ઘાડું દાટ, very thick; મોઘું દાટ, very, dear.

ડાટી, n. ભીડ, a crowd, a rush, **દાટી**, જમીનમાં ગાળી, buried.

દાણ, n. માલ લાવ લઇજા કરતી વેળા લેવાતો કર, transit duty, a toll. **દાન**, n. બક્ષેશ, gift, a donation જેમકે, દાન કરતાં દયા ભલી, (કહેવત). (2) પ્રત્યય તરીકે વપરાય છે, જેમકે, કલમદાન, ધુપદાન (૩) દાનકી, a bataki.

દાણા, n. grain, (2) bits. (૩) કાચના દાણા, beads.
દાના, adj. ડાહ્યો, (ફા). wise.

ડાબી adj જમણી નહીં, જેમકે, ડાબી આંખ, the left eye.
દાબી, p. p (from દાબવું) pressed.

ડામ, n. દઝાડવું તે, a brand, a cautery (2) ચાઠું, a scar **દામ**, n. એક રમત, the draughts. of. દામનું પાટિયું, draughts-board, (2) કિમત, price.

ડાલી, n. ઢીંગલી a dolly ડાળી, n. શાખા, a spring, a branch.

દિન, n. દિવસ, a day. દીન, adj. ગરીબ, (ફા) humble, submissive (2) ધર્મ, religion.

દેણું, n. કરજ, debt જેમકે, લેણું–દેણું, assets and liabilities. દેન, n. હિમ્મત, courage, boldness. જેમકે, તેની દેન હોડી નથી, he has not the courage (2) દહન, burning, combustion.

દેર, n. વરનો નાનો ભાઇ, husband's younger brother. ડેર, n. a wooden circle in which the handle turns in churning.

ડેરો, n. તંબુ, a tent, ડેરો કરવો, to put up with (2) જનાવરને ગળે બાંધેલું ઢીમરૂં, a log tied round the neck of vicious animals to prevent them from straying. દેરો, n. plu. દેર-નું બહુવચન Husband's younger brothers.

ડોડી, n. એક જાતની વનસ્પતી, a kind of vegetable (2) એક ઘરેણું, an ornament worn above the elbow. દોડી, જેમકે, તેણી દોડી,

ડોડો, n. શીંગ, a pod, જેમકે, ફેગનો ડોડો. દોડો, v. imp. (from દોડવું, to run) નાસો, run.

ડોલ, n. વહાણનું ડોલ, a mast (2) બાલદી, a bucket, a pail, cf. ડોલ અને વરાડું કુવામાં પડયાં=the scheme proved a total failure. ડોળ, n. ખોટો દેખાવ, a pompous air or mien, (2) ઘાટ, આકાર, (2) a form, a shape.

ડોલો, n. ફાયદો, gain, profit. દોલો, n. દુલ્લો, magnanimous જેમકે, દિલનો દોલો=મોટા દિલનો (2)

પારસી નામ દોરાબજીનો ટુંકો આકાર. ડોળો, n. આંખનો ડોળો, the eye-ball.

દોષ, n. વાંક, fault. **દોસ્**, n. હાથ, the hand.

દોષી. adj. દોષિત, ભુલેલો, ઠપકાને પાત્ર, (દુષિત) faulty, criminal **ડોશી** n. બુઢી, an old woman. **દોશી**, જેમકે, દોશી વાણિયો, કાપડિયો, a cloth-merchant.

ઢ–ધ.

ધણ, n. ઢોરનું ટોળું, a herd of cattle. **ધન**, n દોલત, wealth.

ધણી, n. શેઠ, પતિ a master, an owner, a husband, **ધની**, adj. ધનવાન, પૈસાવાળો, wealthy, rich.

ઢાલ, n. બચાવ કરવાનું હથિયાર, a shield. **ઢાળ**, n. (from ઢળવું, to incline) ઢળાવ a slope, an inclination.

ઢોલ, n. ધપ્પો, a blow on the head (2) drum, નગારૂં. **ઢોળ**, n. ગીલીટ ચઢાવેલી તે. plating, gilding જેમકે, સોનાનો ઢોળ. **ધોળ**, મંગળ ગીત, એક રાગ, (કવિતામાં).

ઢોળવું, v. inf. રેડવું, to spill, to pour જેમકે, પાણી ઢોળવું, **ધોળવું**, v. inf ધોળું કરવું, ચુનો લગાડવો, to whitewash, જેમકે, ચુનો ધોળવો.

ઢોલી, n. ઢોલ વગાડનાર, a drummer. **ઢોળી**, v. p. t. (from ઢોળવું, to pour) જેમકે, ઢોળી નાખ, throw away, **ધોળી**, adj, સફેદ, white, જેમકે, ધોળી ગાય.

ન.

નડ, n. અડચણ, a hindrance જેમકે, નડ-તર. **નદ**, મોટી નદી, a large river.

નડી, v. p. t. (from નડવું, to molest, to harass) molested. **નદી**, n. પહાડમાંથી વહીને દરિયામાં જતું પાણી, a river.

નાઠો, v. p. t. નાસી ગયો, ran away (from નાસવું to flee). **નાથો**, n. plu. નાથ-નું બહુવચન, શેઠો, masters, owners. husbands. પ્રાણનાથ, a husband, a lover, વિશ્વનાથ the Lord of the universe. (૩) બળદને નાકમાં ઘાલેલાં દોરડાં, nose-ropes.

નાડ, n. ધોરી નસનો ધબકારો, the pulse; જેમકે, નાડ જોવી, to feel the pulse. **નાદ**, n. અવાજ, sound, જેમકે નગારાંનો નાદ, (2) મગરૂબી, pride જેમકે, નાદ ઉતારવો, to humiliate (3) ફુછંદ, addictedness, જેમકે, નાદમાં પડવું, to be addicted to.

નાણું, n. પૈસો, દોલત, money. **નાનું**. adj, નાના કદનું, છોટું, small.

નાલ, n. ઘોડાની નાલ, the shoe of a horse (2) નળી, a tube, (3) નાળું, an arm of the sea (4) ગીલી-દાંડા નો ચોથો ફટકો the fourth blow in the play of ગીલ્લીદાંડા. **નાળ**, n. વહાણનો આગલો ભાગ, the prow of a vessel (2) બચ્ચું જન્મે છે તે વેળા ડુંટી સાથે વળગેલો ભાગ, નાળિયો, the umbilical cord (3) ગલી, a lane.

નાશ, n. નુકસાન, Ruin, destruction. **નાસ**, n. નાક વાટે દવા સુંઘવી, inhalation by the nose, જેમકે, નાસ લેવો, નાસ આપવો (2) from નાસવું, નાસભાગ running away in different directions (3) તપકીર, snuff.

પ.

પટ, n. ચોપટ અથવા શતરંજ રમવાનું પાતીઉં, a chess-board (2) n નદીની પહોળાઇ, the breadth of a river.

પત, n. શાખ, માન, credit. reputation પત ખોવી, to lose reputation (2) પિત્ત, bile.

પટી, n, ચીપ, a strip. **પતિ**, n. ધણી, a lord, a husband. **પ્રાણપતિ**, a husband, **અધિપતિ**, an editor. **લખપતિ**, a millionaire. **દેશપતિ**, a king. **ભુપતિ**, God; king.

પટ્ટુ, n. ઓઢણી, a blanket. **પત્તું**, n. પાતરૂં. પાદડું, a leaf, (2) post, card. **પટુ**, clever = ચાલાક.

પટો, રંગનો પટો, a broad coloured line, a coloured stripe, કપડાંનો પટો, a strip of cloth. Cf. પટાદાર. **પત્તો**, n. ભાળ, સરનામું a clue, a trace; an address.

પડ, n. પોપડો, a layer. **પદ**, n. કવિતાનું પદ, the foot of a verse (2) પદવી, a post. a rank, (3) શબ્દનો પદ, a syllable.

પડી, n. દવાનું પડીકું, a powder : (2) જાહેર ચેતવણી, a public notice, જેમકે પડીદાર, a town-crier. **પદી**, જેમકે, ચાર પદી, પાચ પદી, of four syllables, of five syllables.

પડો, n. જેમકે, સાકરનો પડો, a bundle of sugar-candy in the form of a cone (2) જાહેર નોટીસ, public notice, જેમકે પડો વગાડવો, થાલી પીટવી, to beat a bataki. **પદો**, n. plu. પદનું બહુ વચન. syllables.

પણો, n. રેતાળી જમીન, a sandy soil (2) a preparation from sweet pumpkin જેમકે, સાકરટેટીનો પણો. **પનો**, n. (ફા) કપડાંની પહોળાઇ, breadth of cloth.

પરિ, એક ઉપસર્ગ, a prefix showing ubiquity, all around, or all sides જેમકે પરિધિ, an enclosure, પરિપૂર્ણ, quite filled, completed. **પરી**, n હુરી, આકાશમાં રહેનારી સ્ત્રી, a fairy.

પલ, n. માંસ, flesh. **પળ**, n. ૨૪ સેકંડનો વખત, a time of 24 seconds.

પાગ, n. વહાણને બાંધવાનું દોરડું, the rope by which a boat is secured cf પાગર (2) કવિતામાં પગ-ને માટે વપરાય છે. **પાઘ**, n. પાઘડી, a turban (આ રૂપ કવિતામાંજ વપરાય છે.)

પાગડું, n. જીનનો પાવડો, a stirrup. **પાઘડું**, n. બેદરકારીથી વીંટાળેલી પાઘડી, a turban made carelessly.

પાટ, n. નદીની પહોળાઇ, breadth of a river (2) બેઠક, a seat. cf માદરપાટ, madre pollam, રાજપાટ, a kingdom. **પાત**, n. પડતી હાલત, ઉતરતી હાલત, adversity, fall, cf. અશ્રુપાત = falling of tears.

પાટક, એક પારસી અટક, Mr. Pattack (૨) પાટ બનાવનાર. **પાતક**, n. ગુનાહ, પાપ, a crime, a sin.

પાટલો, n. લાકડાનું નીચું ટુલ, a low foot-stool ; a plank to sit upon. **પાતળો**, adj. જાડો નહી તેવો, thin.

પાટી, n. જેમકે ઢોળિયાની પાટી, broad tape wound round the frame of a bed-stead (2) સ્લેટ, જેમકે પથરપાટી, a slate, જેમકે પાટી ઉપર ધુળ નાખવી, to learn at a school (2) પાટીદાર, cultivator. **પાતી**, n. પત્ર, પત્રિકા, a letter (2) હિસ્સો a share, cf. પાતીદાર, a share-holder.

પાટું, n. f. જનાવર લાત મારે તે, a kick. **પાતું**, v. pr. par. પીવાડતું, causing to drink, જેમકે, મને કોઇ પાણી પાતું નથી, nobody gives me water to drink.

પાડ, n. ઉપકાર, obligation. **પાદ**, n. પગ, the foot, (2) ચોથો ભાગ, one-quarter. (3) કવિતાની લીટી, a line of verse. (4) એક કુંડાળાનો ચોથો ભાગ, a quadrant of a circle.

પાણુ, જેમકે, આન–પાણુ દેશી હિસાબમાં (૧) આવો કાપો કહાડે છે, પા રૂપીઆ, four annas in the rupee જેમકે, ચાર પાણુનો રૂપીઆ, four quarters make a rupee (3) પથર, stone જેમકે, આરસપાણુ, (4) હાથ; the hand.
પાન, n. સોપારી સાથે ખાવાતું પાન. a betel-leaf (2) પાંદડું. leaf (3) પીવું તે, a drink જેમકે, મધુપાન.

પાણી, n. જળ, ઉદક, water. **પાણિ,** હાથ, the hand, જેમકે, પાણિગ્રહણ=લગ્ન. **પાની,** n. પગના તળિયાંનો પાછલો ભાગ, પગની એડી, the hinder part of the sole; the heel. સ્ત્રીની બુદ્ધિ પાનીએ (કહેવત). Cf. પાછી પાની કાઢવી.

પાલ, n. ઉછેરનાર, બચાવનાર, one who rears, a protector, જેમકે, પ્રજાપાલ, a king; ગોપાલ, ગાયનું રક્ષણ કરનાર, a cow-herd. **પાળ,** n નાની દિવાલ a parapet, a marginal wall, જેમકે, પાણી પહેલાં પાળ બાંધવી.

પાલી, n. પાયલી, ચાર શેરનું માપ, a measure of 4 seers. **પાળી,** n. મોટી છરી, a big knife જેમકે, મોંઢે મીઠાસ ને પેટમાં પાળી. (2) વારી, a turn જેમકે આજે મારી પાળી છે, it is my turn to-day.

પાલું, n. અનાજ ભરી રાખવા માટે સાદડીથી બનાવેલી, કામચલાઉ ઓરડી, Cf. "પેટ જેવું પાલું, તેને કોઇ ન વહાલું" (કહેવત). =Hungry men are pitiless. **પાળું,** n. પગે ચાલનાર રાહદારી, a pedestrian, a foot-passenger.

પાલો, n. જેમકે, ઝાડનો પાલો, herbage, foliage, leaves. **પાળો,** n. સિપાહ, a foot-soldier, a footman (2) સિપાહોની ટોળી, a band of soldiers, (૩) ઢોરનું ટોળું, a flock or a herd (4) પાળ–નું બહુ વચન.

પાશ, n. સરગાંઠ, ફાંસો, a noose, a running knot. (2) ફુસલાવીને ફસાવવું તે allurement, enticement.

પાસ, adj. પસાર, passed, successful in an examination, (2)n. રજા ચીઠી, a pass, a pass-port, (3) જેમકે, હાથ, લગાડવાથી પાસ પડયો, effect of contact (4) નજદીક, near.

પાશો, n ચાંદીનો પાટ, a silver ingot (2) પીવા આપશો, જેમકે, મને પાણી પાશો, will you give me water to drink? પાસો, n. જુગાર રમવાનો પાસો, a die.

પીટ, imp. from પીટવું to beat જેમકે, માથું પીટવું, to to strike the head, છાતી પીટવી, to strike the breast, થાળી પીટવી, to beat the bataki. પિત્ત, n હોજરીમાં થતો ખાટો પદાર્થ, bile.

પિતા, n. બાપ, the father. (2) (fem)–yellow coloured પીળી, જેમકે પિતામ્બર yellow cloth. પીતા, v-pr. part. (from પીવું to drink)તેઓ પાણી પીતા હતા, they were *drinking* water.

પીયરૂં–પીયારૂં પીયરને લગતું, Relating to the bride's father's house. પિયારૂં, પારકું, strange. પ્યારૂં, adj, વહાલું, dear.

પિલવું (પીલવું) v. inf. કચડવું, તેલ કાઢવું, to press, to squeeze cf. અવળી ઘાણીએ પિલવું, to torture, to torment. પિળવું, v. inf. કંકુ લગાડીને ખરડવું, to colour yellowish-red (2) ખરાબ કરવું, to spoil.

પિલું, from પિલવું, to squeeze, જેમકે હું તલ પિલું છું, I extract oil from sesamum (2) મરઘીનું બચ્ચું, a chicken. પીળું, adj. પીળા રંગનું, yellow. પીલું, A kind of sweet fruit.

પુર, n. શેહેર a city, જેમકે, નાગપુર, પૂર, n. નદીમાં રેલ, a flood, (2) adj. પૂર્ણ, full જેમકે, ભરપૂર (3) adv. બરોબર, જેમકે, માથાપૂર, ગુટણપૂર.

પુરી, city, જેમકે, જગન્નાથપુરી (2) અધુરી નહી, complete. **પૂરી,** n. ખાવાની પૂરી, a small cake.

પુલો, n. plu. પુલનું બહુવચન, bridges. **પુળો,** n. sing. મોટી પુળી, ઘાસની મોટી પુળી, a large bundle of grass; a sheaf.

પોલ, આસમાન n. the sky, (2) ખાલી જગા, a vacuum. cf. ધમ ઢોલ, માંહે પોલ. **પોળ,** n. મોહલ્લો, a street, a lane, Cf. પારખની પોળ.

પોલી, adj. પોકળ, hollow Cf આ વીંટી માહેથી પોલી છે, this ring is hollow **પોળી,** n. એક જાતનું મીઠું પકવાન, a sweet wheaten cake (2) adj. પોહોળી, broad, Cf. પોળી પોળી વાતો કરવી, to talk tall.

પોશ, n. મુઠી ભરાય એટલું, a handful. Cf પોશ ભરવી, to fill the hands with. **પોષ,** n. હિંદુ વરસનો ત્રીજો મહિનો, the third month of the Vikrama year.

બાડી, adj. જેમકે, બાડી નજર, squint-eyed. બાડી આંખે જોવું, to look askance. **બાદી,** n. બદહજમી, dyspepsia, indigestion.

બલ, n (Classic form) જોર, strength, (2) લશ્કર. **બળ,** n. બળદ, a bullock, (2) જોર, strength.

બાણ, n. તીર, an arrow (2) નિશાની, a sign, a mark. બાણ કાઢવું, to trace the footsteps of a person. રામબાણ ઇલાજ, effective remedy. **બાન,** n. બેઆનું, an earnest money.(2) બીઆબાન, a jungle.

બાણી, n. પઠન, સરત, a stipulation, an agreement. **બાની,** n. બોલવા લખવાની ઢબ, the manner or

style of speaking or writing. "એક બાની મનમાની, આવીને ઉજેહ તો–વલ્લભ.

બાનુ, n, બાઇ, a lady:(2)બેઆનું, earnest money (3)બહાનું, a pretext. બાણું, adj ninety-two.

બાલ, n. વાળ, કેશ, the hair. બાળ, n. બચ્ચું, a child, an infant.

બુઢું, adj ઘરડું, old બૂધું, n. ડંગોરો, જાડી લાકડી, a thick stick; a cudgel, cf. "માર બૂધું ને કર સીધું"

"બૂધે જાર બાજરી,
બૂધે નાર પાધરી,
બૂધે ડોબું દોહવા દે,
બૂધે છોકું છાનું રહે"

બેટ, n. ટાપુ, an island. બેત, n. કવિતાની બે લીટી, a couplet.

બેટો, n. દીકરો, છોકરો, a son. બેતો, n plu. બેત-નું બહુવચન, couplets.

બેડું, n. પાણીનું વાસણ, a water-pot. બેદું, n. ઇંડું, an egg.

બોલ, n. શબ્દ, a word. બોળ, v. imp. (from બોળવું to dip). Dip. જેમકે આ કાગજ પાણીમાં બોળ, dip this paper into water(2)n. હિરા બોળ, myrrh. બોળ કેરી, pickled mangoes. (3) adj. નિમકમાં આથેલું, salted, preserved in salt.

પાપ બોલે નહિ પણ બોળે, sin will out in the end.

બોલી, n. ભાષા, a tongue, a language (2) કરાર, an agreement. બોળી, v. p. t. (બોળવું) એનો ભૂતકાળ) Dipped, જેમકે, આ ચોપડી પાણીમાં બોળી, he dipped this book into water.

બોલો, n. plu. શબ્દો, words. **બોળો**, v. imp. plu. (from બોળવું to dip) Dip.

ભાટ, n. કવિ, a bard. **ભાત**, n. ચોખા, rice (2) જાત, a kind. cf. જેમકે, ભાતભાતનું, of various kinds.

ભાઠું, n. ફોલ્લો, an ulcer (2) નદીનો રેતીનો કિનારો, a sandbank. **ભાથું**, n. મુસાફરીએ જતી વેળા સાથે રાખેલો ખોરાક, provision for a journey; viaticum.

ભાણ, (ભાણું) એક જણ ભજવે એવો નાટક, a dramatic piece in which only one actor appears on the stage. **ભાન**, n. સુધ્ધ Consciousness: યાદ, remembrance. cf. ભાન-ભુનો, having a bad memory.

ભાણું, n. જમણ, થાલીમા પીરસેલી વાણી, a meal, food, a dish. **ભાનું**, n. સૂરજ, the sun.

ભાલ, n. માછલીનો જથ્થો, a shoal (2) કપાળ. the forehead. (3) ભાલ, ભારવટીઓ a beam. **ભાળ**, n, પત્તા, a clue, a search.

ભાલો, n. એક હથિયાર, a spear. **ભાળો**, imp. of ભાળવું, to observe.

ભુકો, n. ધુળ, Dust, powder. **ભુખો**, ભુખ્યો, adj. ખાવાને તલબગાર hungry.

ભૂઠું, adj. શરમાયલો, લજવાયલો, ગભરાયલો, ashamed, abashed, confounded. **ભુથું**, n. મૂળીયાંનો બનેલો ગાંઠ. a knot of roots, hence, ugly.

ભેડ, n. મેંઢું, the sheep. **ભેદ**, n. છુપી વાત, a mystery, a secret.

મ

મગ, n. એક જાતનું અનાજ, a kind of kidney-bean (2) રસ્તો, a way, a passage. **મઘ**, જેમકે, મઘ-મઘાટ n. સુગંધ, fragrance, sweet smell.

મગણ, n. કાવ્યશાસ્ત્રમાં એક જાતનું પદ, a metrical foot in prosody. **મગન**, (મઘન) adj, ખુશ, રાજી, delighted, pleased. (આ શબ્દ 'મગ્ન' આમ પણ લખાય છે) (2) માણસનું નામ *e. g.*, મગનલાલનું ટુંકું નામ.

મજા, n. શોખ, રમત, ખાણી પીણી, taste, sport, merriment, hilarity. **મજ્જા**, n. હાડકાંની ગુર, the marrow of the bones (2) ઝાડનો ગર અથવા માવો, the sap or pith of plants.

મટ, n. મટકો, મોંહના ચાળા, gestures, (2) આશાયસ, rest, repose. **મત**, n. અભિપ્રાય, opinion.

મટી, (માટી) ધુળ, dust (2) ટળી, passed over, જેમકે, મારી આફત મટી. **મતિ**, n. બુધ્ધિ, અક્કલ, intellect, wisdom.

મઠ n. એક જાતની દાળ, a kind of pulse (2) જોગીઓને રહેવાનું મકાન, an abbey, a hermitage. **મથ**, imp. from મથવું, પછવાડે લાગીને કોશેશ કરવી, to struggle hard. જેમકે, એની પછવાડે ના મથ, do not exert yourself hard after it.

મડ, n. કાંકરાની જમીન, a gravelly soil. (2) હુજ્જત, obstinacy. **મદ**, n. ગુસ્સો, પ્યાર, passion, love (2) મગરૂરી, haughtiness, pride, જેમકે, મદમાં આવવું, to be proud or arrogant.

મણ, n. ચાલીસ શેર, a maund of 40 seers, or 28 pounds. **મન**, n. (ફા૦)મરજી, મગજ, વિચાર the mind, the will, the thought.

મણિ, n. જવાહિર, a gem, a jewel. **મની,** n. બિલાડી. the cat.

મરડો, n. ઝાડાવાટે લોહી પડે તે રોગ, dysentery. **મર્દો,** n. plu. (ફા) ઘણા મર્દ, males.

મલ, (મલ્લ) n. તાલીમબાજ, a professional wrestler, an athlete. **મળ,** n. શરિરનો મેલ Dirt, filth, impure excretion of the body.

મશ, (મિશ) બાનું, a pretext. **મસ,** adj. બહુ, much.

મા, n. માતા, the mother (2) માયા (3) લક્ષ્મી **માં,** prep. અંદર, in, into, within **મા**=Don't. જેમકે, જઈશ મા-don't go, (2) માતા the mother.

માટ, n. માટીનું વાસણ, an earthen pot (2) કવિતામાં 'માટે' ને બદલે વપરાય છે. **માત,** n. માતા, માય, માદર, the mother.

માટી, n. ધૂળ, Dust, clay (2) ધણી, the husband. **માતી,** (જેમકે, મદમાતી) full of gaiety. **માતી,** v. pre. p. (from માવું, to be contained) જેમકે, મારી કોથળીમાં સો ગીની માતી નથી.

માડા, n. એક જાતનાં આટાનાં કેક, large thin cakes of wheat-flour, the upper slice of the bread. **માદા,** n. જાનવરની માદા, the female among lower animals.

માંડી, p. t (from માંડવું, to begin, to commence) Began, commenced. **માડી** n. માતા, મા, a mother. **માંદી,** adj. બિમાર, આજારી, sick, ill.

માણ, n. પાણીનું વાસણ, a water-pot. (2) હદ, સીમા, a boundary, a limit (3) ઝેર poison. **માંણ,** આટામાં ઘી નાંખીને બાંધેલો આટો, Ghee or butter

poured over dough to make it soft, જેમકે, માંણુની પોળી. **માન**, n. આબરૂ, honour, respect.

માદો, n. પેટ, the stomach. **માંદો**, adj. બિમાર, sick.

મારી, મ્હારી, My—Mine. **મારી**, n. કોલેરા મરકી, cholera, plague. **મારી**, pron. (જેમકે આ ચોપડી મારી છે) mine.

મારૂ, adj. તિક્ષણુ, keen (2) જીવ લએ તેવું, killing જેમકે, વાઘમારૂ, માંખમારૂ. (2) એક રાગ, a sort of music. **મારૂં**, pron. પોતાનું mine. **મારૂ**, a Patronymic.

માલ, n. મીલકત, સામાન, કીંમત property; an article of commerce; (2) value. **માળ**, n. મજલો, a storey of a house.

માહ, n. મહિનો, a month. **માંહ**, prep. અંદર, માં, in, into.

માસ, n. મહિનો, a month. **માંસ**, n. જાનવરનું ગોશ્ત, flesh; mutton.

મીણ, n. મધમાખીનો બનાવેલો પદાર્થ, wax made by the bee. **મીન**, n. રમતમાં દરેક પક્ષને આપેલી જગા, the ground allotted to each party in a game, જેમકે તે મારી મીનમાં (હદમાં) આવ્યો. (આ શબ્દ આટાપાટાની રમતમાં વપરાય છે.)

મીણો, n. ચોકસ ફળમાં કેફી તત્વ, an intoxicating element in certain kinds of fruits. **મીનો**, n. લોખંડ ઉપર કાચનું પડ, enamel. Cf, મીનીકામ, enamel-ware.

મુડો, n. સો મણનો બોજો, a load of 100 maunds. **મુદો**, (મુદ્દો) n. સાબેતી, proof, evidence.

મુંડો, A bald, clean shaven head, (from મુંડવું, to shave)

મૂલ, n. મૂલ્ય, કિંમત, Price, value. **મૂળ**, n. જડ, શરૂઆત, મૂળિયું, the root, the beginning.

મેડી, n. ઉપલો મજળો, an upper story. **મેંદી**, n. એક જાતનો રોપો, જેના પાંદડાંના રસથી કેટલાક લોક હાથનાં આંગળાં રંગે છે, Lawsonia inermis.

મેડો, same as મેડી, માળ, **મેંદો**, n. ઘઉંનો ઝીણો આટો, Fine wheaten flour.

મેલ, n કચરો, Filth, dirt (2) વિલાયતનો મેલ, English Mail (3) મેલવું ઉપરથી. put. **મેળ**, n. તાળો, હિસાબ, Tallying or balancing of accounts. (2) ચોકકસપણું, જેમકે, તેનાં આવવાનો મેળ નથી; it is not certain when he will come. (3) રોજ મેળ, Cash book.

મેલે, જેમકે, તે આવતા મેલે (મેલમાં) આવશે, by the next mail (2) મેલે, મૂકે, May place. **મેળે**, adv. of itself; willingly જેમકે, તે પોતાની મેળે કરશે, he will do it of his own accord.

મેલો, adj, ફુવડ, dirty (2) મેલનું બહુવચન, mails. **મેળો**, n. તમાસો, a fair, a concourse of people.

મેષ, n. મેંઢો, the ram ; મેષ રાસી, the constellation Aries. **મેંસ**, n. કાજળ, Lamp—black, soot.

મો, prep. ક્રમસૂચક અંક, જેમકે, આઠમો, નવમો. **મોં**, n. મોઢું, the face.

મોટી adj. મોટો, મોટી, મોટું, Large, big. **મોતી**, n. કિમતી જવાહિર, a pearl.

મોકલો, v. imp (inf મોકલવું) જવા કહો, send. મોકળો, adj. છૂટો, free. Cf. મોકળાસ, પુરતી જગા, roominess, spaciousness (2) મોકળું મન, magnanimity, frank mind.

મોડ, n. મોડું થવું તે, અડચણ, delay. મોદ, n. ખુશાલી, joy, pleasure.

મોડી, adj. fem. વેળાસર નહીં આવેલી Late (2) મરાઠી લખવાની લીપી. મોદી, n. કોઠારી, a steward; a grain-dealer.

મોડું, adj. અસુરેથી, late. મોડું, મ્હોડું, મોઢું, મુખ. n. the face.

મોર, n. એક પક્ષિ, a peacock. મોહોર, n. પંદર રૂપિયાનો સીક્કો, a mohar, a guinea. મોહર, n. ખિલેલી કળી, a blossom.

મોરૂં, (મોહરૂં) n. સોકટી, a chess-man; a draughtsman. મોળું, adj. સ્વાદ વગરનું, tasteless, insipid.

મોલ, n. પાક, a crop. મોળ, n. પડ, a layer. (2) મંદ બજાર, dull market. (3) મોઢાંમાં આવતો ઠીકારા, cf. મોળ વાળીને બેડું ઉપાડજે, i. e. place a rough cushion of cloth between the water-pot and the head.

ર.

રટ, v. imp. બોલવું, ઘડી ઘડી યાદ કરવું, (from રટવું) Speak out, to remember frequently. રત, n. રૂતુ, a season. જેમકે, રત વિના ફળ ન હોય, every fruit has its season.

રટન, રટણ, n. રટવું તે, પાછું બોલવું તે, repetition; act of repeating. રતન, n. f. પારસી અથવા હિંદુ

છોકરીનું નામ, 2) Rattanbai. આખનું રતન આંખની કીકી—Pupil-from રત્ન a gem, or a jewel.

રડ, v. imp (from રડવું, to cry) જેમકે, ના રડ, do not cry. રૂદન, કલાપીટ, Lamentation. રદ, adj. બાતલ, ફેંકી દીધેલું, Cancelled, rejected. (2) દાંત, a tooth, (3) હૈયું, the heart (હૃદય ઉપરથી).

રડી, v. p. t. રડવું. ઉપરથી ભૂતકાળ જેમકે, તેણી રડી, she cried. રદી, રદ્દી, adj. રદ કીધેલું, cancelled rejected, જેમકે, રદીમાલ, rejected goods.

રાણી, n. રાજાની બાયડી, a queen. રાની, adj. જંગલી, રાનમાં રહેનારૂં, wild, sylvan. Cf., રાની મરઘો, the wild cock.

રેણુ, n. રેવણ, a cement for metallic articles (2) રજકણ, an atom. રેન, (રેણુ) n. રજની, રાત, a night.

રેલ, (ઇં) n. આગગાડીના પાટા, rails, રેળ, (રેલ) n. પૂર, નદીનાં પાણી ચઢી આવે તે, inundation. (2) imp. from રેળવું, to pour, પાણીનો રેળો, a stream, a flood.

રેષા, n. રેખા, lines on the hands and the feet. રેસા, n. ઝાડના તંતુઓ fibres.

રોલ, n. ચક્કર, giddiness. રોળ, n. મરકી અથવા મોટો ગભરાટ, great confusion, plague, (2) રોળવું ઉપરથી આજ્ઞાર્થ. cf. રડારોળ from રડવું to cry and રોળવું to wallow.

રેશ, n. લેશ, જરા, a particle, a smallest part (આ શબ્દ કવિતામાં નકાર રૂપે વપરાય છે) e. g.

"એક દિવસે નળ નૃપતિ, વિસર્યો લવ લેશ
છિદ્ર જોઇ કળિ ફરતો માર્ગ મળિયો રેશ,"

રેસ, n. પોરટુગીઝ ચલણી સીકકો, એક આનાનો પચીસમો ભાગ one twenty-fifth part of an anna

લ.

લગણ, adv. સુધી, till, until, so long as, as far as. n. કવિતામાં પદ, a metrical foot of one short syllable. **લગન** (લગ્ન) n. વિવાહ, marriage, nuptials. (2) n. ઈચ્છા, desire, eagerness (3) દોસ્તી પ્રીતિ, affection, love.

લટ, n. બાલનું ગુંચડું, a lock of hair (2) મોતીની સેર, a string of pearls. **લત,** n. લખ, ભુંડી ટેવ, addictedness, a bad habit. (2) યુક્તિ, a trick, (e. g. એને દારૂની લત લાગી છે, he is addicted to drinking).

લડાવવું, v. અથડાવી મારવું, to cause to fight. **લદાવવુ,** v. પચાવી પાડવું, to usurp.

લાટ, n. (from Eng. *lot*) એક જત્થો, a lot, a quantity. (2) n. ચકકરનું લાટ, the axle of a wheel. (3) ગુજરાતનો એક પ્રાંત "લાટ દેશ." **લાત,** n. પગની ઠોકડ, a kick.

લાડ, n. અણઘટતી છૂટ, Indulgence, too much kindness. (2) લાડ-દેશ. **લાદ,** n. ઘોડાની અધા, the dung of the horse.

લાડી, n. લાડકી છોકરી, a dear girl, (2) પરણતી છોકરી, a bride. **લાદી,** n. મોટો પથ્થર, a hewn stone (2) ઘડેલો પથ્થર, a pavement, a slab.

લાડવું, v. લાડ કરવો, to act upon another's indulgence. **લાદવું,** v. લાધવું, બોઝો મુકવો, to load, to burden.

લાલ, adj. રાતું, red. (2) n. જવાહિર, માણેક A ruby, (3) ફાંકડો માણસ, a fop, a gay fellow. **લાળ**, n. મોઢાંમાંથી ગળતી લબ, થુંક, saliva.

લાલી, n. રતાસ. redness. (2) મોઢાંપરની તાજગી, bloom. (3) લાલાની બાયડી, wife of a groom (4) પુત્રી, a daughter. **લાળી**, n. કાનની ટીચકી, the tip of the ear. (2) ઘાંટની ટકોરી, the tongue of a bell.

લાલો, n. લાલીઆની જાતનો છોકરો, a Lalia boy, (2) ઘોડાવાળો, a groom (3) cf સુરતી લાલો. **લાળો** n. ધગધગતો કોયલો, Burning coal.

લેખણ, n. લખવાની કલમ, a writing pen. **લેખન**, n. લખવું તે, અથવા લેખક્રિયા, Writing.

લેશ, n. ટુકડો, નાનો ભાગ, a particle, a bit, a very small part. **લેસ**, n. (from Eng. *lace*) આ શબ્દ ઇંગ્રેજી છે, પણ ગુજરાતીમા વપરાય છે, જેમકે, બુટની લેસ, boot-lace

વ.

વટ, n. જગા, (જેમકે, **નાણા-વટ**,) નાણાવટ, the Exchange. (2) માન, પટ, self-respect, credit (3) અંજીરનું ઝાડ, the Indian fig tree. **વત**, એક પ્રત્યય છે, as, like, similarly.

વટી, એક પ્રત્યય, જેમકે, નાણા-વટી a banker વહાણવટી, a sailor. **વતી**, prep, બદલે, in place of, instead of.

વડ, n. એક જાતનું ઝાડ, the banian tree, (2) વડીલ, an ancestor. **વદ**, n. હિંદુઓની તિથી સાથે વપરાય

છે, મહિનાનું બીજું પખવાડિયું. the dark fortnight of the lunar month.

વડાઈ, n. મોટાઈ, અહંકાર, greatness, vanity. વદાઈ, n. રજા, વદા થવું તે વદાઈગીરી, leave, departure, dismissal.

વડી, n. એક જાતનું પકવાન, a kind of cake વદ્દી, n. સરવાળામાં વપરાય છે (જેમકે, તેરિયો ત્રણ તેની વદી એક) Carry. વદી, જેમકે, વદી, પખવાડિયું, the second fortnight of a Hindoo month.

વડું, n. એક જાતની મીઠાઈ, a kind of fried sweet, cf. વડા કચોરી ને કંસાર (2) adj, મોટું, ઉમરે વધારે, old, great, big. વદું, (from વદવું, to utter) જેમકે, હું એમ વદું છું, I say so.

વડે, prep. થી, લીધે, with, by; for. વદે, (from વદવું, to speak e. g. તે આમ વદે છે.)

વઢવું, inf, લડવું, to quarrel. વધવું, inf, to grow larger; to grow, મોટું થવું.

વણ, v. imp. (from વણવું, to weave) Weave, જેમકે, રેશમનું દોરડું વણ. (2) n. રૂ, cotton (3) રૂનો છોડવો n. the cotton plant. વન, n. જંગલ, રાન, a forest, (2) પાણી, water, (3) વહ્ન, n. આતશ, દેવતા, fire.

વધુ, adj, વધારે, more, much. વધૂ, n. વહુ, છોકરાની સ્રી, a daughter-in-law.

વરડુ, n. જેમકે, ક ને દીર્ઘવરડુ કૂ (2) દોરડું, a rope. વરડું, n. જે ડાંખલી ઉપર દાળ ઉગે છે તે ડાંખલી, the shoot of a plant bearing pulse.

વરત, n. પાણી ખેંચવાનો ચામડાંનો પટો, a leather rope for

a bucket. **વ્રત**, n. માનતા, a vow. **વરદ**, n. વરદાન આપનાર ધણી, one whe grants a boon.

વલન, n. ઇચ્છા, inclination ; tendency. **વળાણ**, n. ઢાળ, વળવું તે, a turn, a curve.

વલી, n. પહરેજગાર માણુસ, a saint, a sage. **વળી**, adv, સાથે, ઉપરાંત, also, further. (2) n. ભારવટીયો, a round rafter.

વલે, n. હાલત, સ્થિતી. condition, state જેમકે, એની શી વલે થશે. **વળે**, (from વળવું to bend, to turn) જેમકે, તે પાછો વળે છે, he returns.

વહાણ, n. મોટી હોડી, મોટો મછવો, a ship, a vessel. **વાહન**, n. ગાડી, a vehicle, a conveyance.

વાખ, (વાક) n. ખજુરીનાં પાતરાના રેસા. fibres of a palm leaf. **વાક**, n. બોલી, speech (2) n. વાક્ય, a sentence e. g. વાકચતુરી, eloquence. **વાંક**, n. તકસીર a fault. (2) વળેલી હાલત, a bend, a curve.

વાગ, n. લગામ, the reins (2) વાણી, speech, taunt. **વાઘ**, n. ફાડીખાનારૂં જાનવર, the tiger.

વાગો, n. પોશાક, a dress (2) ધોબીની ખેપ; as many clothes as are given to a washerman once. **વાઘો**, n. plu. વાઘનું બહુવચન, tigers.

વાંઢો, n. પરણ્યા વગરનો પુરૂષ. a bachelor. **વાંધો**, n. અડચણ a quarrel, a dispute.

વાટ, n. રસ્તો, a path જેમકે, વાટ-ખરચ, travelling expenses (2) ગાડીના ચાક ઉપર લોખંડનો પટો, an iron circle put round the wheels of a carriage, a tyre **વાત**, n. કથા, a story (2) ખબર, news, (3) બાબદ, a subject

વાટી, n. વાડકો, ધાતુનું ઊંડું પ્યાલું, a metal cup (2) કોપરાંની વાટી, one half of a cocoanut (3) v. p. t. (from વાટવું to powder) **વાતી,** n. સુગંધી દિવાસળી અથવા બતી, a perfumed match or taper.

વાટો, n. plu. રસ્તા, paths (2) v. imp. ચુરો--ભુકો કરો (from વાટવું to powder, to pound) જેમકે, ચણા વાટો, powder grams. **વાતો,** n. plu. વાતનું બહુવચન stories, talks (2) વાતો કહી સંભળાવનાર, a story teller.

વાડ, n. ઝાડ ઝાંખડાંની દિવાલ, a hedge, a fence. **વાદ,** n. વાંધો, a dispute. e. g. વાદવિવાદ, a discussion.

વાડી, n. બાગ, a garden. **વાદી,** n. ફરિયાદી, a plaintiff. cf. પ્રતિવાદી, a defendant.

વાડો, n. કમપાઉન્ડ, ઘરની આગલ પાછલની જગા, an enclosure, a compound (2) સંડાસ, a privy. (3) જાનવરોને બાંધવાની જગા, a fold, a pen. **વાદો, વાદોવાદી** competition, rivalry, arguments.

વાઢ, n. કાપ, ઘા, a cut, a wound, (from વાઢવું to cut). **વાધ,** imp (from વાધવું. કુચ કરવી) to proceed, to march.

વાણ, n. તંગી, want, deficiency જેમકે, એને પૈસાની વાણ નથી, he does not lack money. **વાન,** n. રંગ, colour, hue; વાન વળવું, to assume a healthy form. cf. વળે શરીરનું વાન (કદ)

વાણી, n. બોલી, speech; ખરાબ વાણી, abusive language. **વાની,** n. જાત, તરાહ, રાંધેલી ચીજ, different sorts of dishes.

વાણું, (વહાણું), n. પરોઢિયું, the dawn of the day, વાણું વાય છે, it is the dawn. **વાનું,** n. (બહુવચન

વાનાં) ચીજ, તત્વ, an article, an ingredient, આ દવામાં ચાર વાનાં છે, there are four ingredients in this mixture.

વારિ, n. પાણી, ઉદક, water. **વારી**, n. ફેરો, a turn, જેમકે, મારી વારી છે, it is my turn (2) ઘોડો, a horse.

વાલ, n. એક જાતનો કઠોર, a kind of pulse (2) વજન ૪૦ વાલનો એક તોલો ૧/૪૦ th part of a tola. **વાળ**, n. બાલ, કેશ, hair (2) v. imp. (from વાળવું, to sweep) કચરો વાળવો, to sweep. બદલો વાળવો, to return a kindness or injury.

વાલી, n. નાવારેસ બચ્ચાંની સંભાળ રાખનાર, a guardian (2) શેઠ, a master, an owner. **વાળી**, n. કાનમાં પહેરવાનું ઘરેણું, an ear-ring.

વાલો, n. વાલના દાણા, separate pieces of pulse (2) સોનું તોલવા માટે છુટા છુટા વાલ, different pieces of one *wal* weight. **વાળો**, n. (બહુવચન વાળા) હાથમાં અથવા પગમાં પહેરવાના દાગીના, ornaments for hands or feet (2) એક જાતનું ઘાસ, a kind of grass.

વાસ, n, સોરમ, smell, odour. **વાંસ**, n. બાંબુ, a bamboo, a pole (2) ૧૦ ફુટ, a measure of 10 feet.

વાસો, n. ઉતારો, રહેઠાણ, shelter lodging, dwelling. **વાંસો**, n પીઠ, બરડો, બરડાનું હાડકું, the back; the back-bone.

વિજણ, n. વિજણ-વારા, Fanning. cf. વિજણું. **વિજન**, adj. (વિ-વગર અને જન-માણસ, માણસ વગરનું) એકાંત, વસ્તી વગરનું, unpeopled, solitary.

વીંટી, p. t. (from વીટવું, વીટાળવુ. to roll round) Wrapped (2) a ring. **વિતી**, (from વિતવું, to

pass away), કહેવત-વિતી હોય તે જાણે, he jests at scars that never felt a wound.

વીણા, જેમકે-વીણા-મણ (from વીણવું, to cull) ધૂળમાં વીણા-મણ કાંકરા, nothing can come out of nothing-કહેવત. વિના, prep. સિવાય, except, without.

વિષ, n. ઝેર, વિખ, poison. વીસ, adj. પંદર અને પાંચ=૨૦, twenty.

વેડ, (from વેડવું અથવા વેરવું, to scatter) disperse જેમકે. વેડ વિખેર, squandering, throwing loosely away, વેદ, n. હિંદુઓના ધર્મ પુસ્તક, the Vedas, જેમકે, ઋગ્વેદ, શામવેદ, ૪૦

વેઢ, n. (બહુવચન વેઢા) આંગળાનાં કાપા, knuckles. વેધ, n. નાકું, a hole, a puncture, વેધવું, to bore a hole. cf. વેધ-શાળા, an observatory.

વેલ, n. રેસમની ભરતના પંદડાં, embroidery in the form of a creeper (2) ઝાડનો વેલો, a creeping plant. વેળ, n. વખત, વેળા, time (2) આ કવિતામાંજ વપરાય છે (2) દુઃખનો હુમલો, a fit, a convulsion.

વેલા, n. plu. જુઓ-(વેલ). વેળા, n. વખત, time.

સ–શ.

સંગ, n. સોબત, companionship, (2) મંડળી, an association. સંગ કરવો, to associate with. સંઘ, n. ટોળી, જાત્રાળુઓની ટોળી, a crowd of pigrims. cf. આ સંઘ કાશીએ જવાનો નથી, this business will not terminate successfully, cf. સંઘ કાઢવો, to become insolvent (2) સિંહને અર્થે નરસંઘ (નૃસિંહ).

સકળ, adj સઘળું, whole, entire. શકલ, n. ખંડ, a column, a department.

સંગત, n સોબત, companionship. **સંઘટ**, adj. ખીચોખીચ, crowded. **સણુઘટ**, n. સોડ, that part of a woman's dress which covers the body from the head to the foot.

સટ, n. (from English *set*) એક જાતની ઘણી ચીજ, a set, an assortment. **સત**, n. સચ્ચાઈ, પ્રમાણિકપણું, honesty, truthfulness. **શત**, n. (ફા. સદ) સો, a hundred.

સડ, n. વાહાણનું સડ, a sail (2) adj. કઠણ હાલી શકે નહીં તેવું, stiff and motionless. **સદ**, આ શબ્દ **સત્તને** બદલે વપરાય છે, જેમકે, સદગુણ (સતગુણ), સદાચાર (સત આચાર) good manners. (2) સો, જેમકે, સદ હજાર અફ્સોસ!.

સડા, n. plu. એકવચન **સડો**, putrefaction. સડો લાગવો, to begin to rot. **સદા**, adv. હમેશાં, always.

સતર, n. લીટી, લાઇન, હાર, a line, a row. **સટર**, (જેમકે, સટરપટર, ગડબડ સડબડ). **સત્તર**, adj. seventeen.

સટ્ટા, n. જુગાર, speculation તે સટ્ટામાં ખ્વાર થઇ ગયો, he is ruined in speculation, **સત્તા**, n. અધિકાર, power, authority.

સટ્ટો, n. જુગાર, speculation. **સત્તો**, n. સાતનો આંકડો, the figure 7 (2) રમવાનાં પાનાંમાં સાત ટીપકીનું પાનું, the seven in a playing-card.

સડવું, v. inf. સડી જવું, to rot, to putrefy. (2) v. inf. બાંબુની ચીપની જાળી ગુંથવી, to make a lattice frame of bamboo chips, **સરવું**, v. inf લપસી જવું, to slide (2) મતલબ સાચવવી, to serve the purpose, જેમકે, ગરજ સરવી, to be

supplied. **સદવું**, v. inf, માફક આવવું, પચવું, to agree, to be digested.

સણ, n. એક જાતનો છોડ, Hemp, flax. **સન**, n. સૈકો, an era., જેમકે, સને ૧૯૧૭, A. D. 1917.

શબ, n. મુડદું, લાસ, a corpse, a dead-body. **સબ**, n. (હિંદુસ્તાની) બધાં, all.

શમ, n. શાંતી, tranquility of mind. **સમ**, n. સોગંદ, an oath, (2) adj. આ શબ્દ બીજા શબ્દ અગાઉ ઉપસર્ગ તરીકે લખાય છે જેમકે **સમ**--તોલ, સરખું તોલ of equal weight ; **સમ**.- ચોરસ. a square: **સમદષ્ટિ**, impartiality. cf. સમસમી રહેવું to grumble and resign to one's lot.

સમણુ, n. સમાવા જેટલી વસ્તુ, as much quantity as can be packed. **સમન**, (ઈં૦) n. કચેરીનો હુકમ, a summons of the court.

શર, n. તીર, an arrow. **સર**, n. માથું, સરદાર the head. (2) તલાવ, a pond, (3) સાહેબ, Sir (4) અવ્યય, જેમકે, વખતસર, કાયદાસર.

શરૂ, જેમકે, શરૂ કરવું, આરંભવું, to begin. **સરૂ**, n. સરોવરનું ઝાડ, the cypress tree.

શરમ, n. લાજ, shame, bashfnlness. **શર્મ**, n. સુખ, happiness, delight.

શરવું, adj તિક્ષણ કાનવાળું, Sharp in hearing (2) સ્વાદવાળું, delicious to the taste **સરવું**, v. inf. લપસી પડવું, to slide. cf ગરજ સરવી, to be supplied (said of a want).

સંસાર, n. ઘરબાર વગેરે domestic affairs. **સણસાર**, n. ઇસારો, a hint.

શાળ, n. શીલા, stone. **સલ**, n. કસણુંવાળા પુલા. **સળ**, n. નેતરનો દાઘ, a mark made by caning, a stroke.

શાળી, n. લાકડાંની નાની ચીપ, small thin stick of. દિવાશળી, a match **સળી**, (from સળવું to rot) જેમકે, આ ફળ સળી ગયું છે.

શાક, n. શાકભાજી, Vegetable **શાખ**, n. સાક્ષીની સહી, Signature of a witness.

શંકર, n. શિવ, Shiv a Hindoo God **સંકર**, n. ભેળસેળ થયલું, hybrid.

સાખ, n. સાક્ષી, evidence, witness. **શાખ**, n. ડાંખલી, a branch.

સાટ, n. બરડાનું હાડકું, the backbone. **સાત**, adj. પાંચને બે સાત, seven.

સાજ, n. પોશાક, a dress (2) સાથે જોઈતો સઘળો સામાન epuipments, instruments, a complete outfit **સાંજ**, n. બપોર પછીનો વખત, evening.

શાંતિ, (શાન્તિ) n. એકાંતપણું, pacification, quietness, mildness (2) name of a Hindoo woman. **સાંતી** n. સાંતીડું, હળ, a plough (2) v. p. t. (from સાંતવું, to hide), Hid.

સાટ, n. બરડાની કરોડ, the back-bone. **સાત**, adj. પાંચને બે. the number seven.

સાટું, n., સોદો, ખરીદી, a bargain. a contract. **સાતું**, n. જેમકે, એક સાતું સાત, one into seven is seven.

સાઠ, adj. પચાસ, અને દસ ૬૦ Sixty. **સાથ**, n. સંગત, company (2) prep. સાથે, with.

સાઠી, n. સાઠ વરસની ઉમર, the age of sixty (cf સાઠી ને બુધ્ધિ નાઠી કહેવત.) **સાથી,** n. સોબતી, a companion.

સાડી, n. હિંદુ અથવા પારસી બાઇનો પહેરવાસ, Hindoo or Parsi woman's upper garment. **સાદા,** adj. સેહેલ, ગુચવણ ભરેલું નહીં તે, તરાંહ વગરની. plain, simple, easy (2) જાણીતો કવિ શેખ સાદી.

શાદી, n. લગ્ન, વિવાહ, marriage nuptials. **સાદી,** adj. સેહેલ, તરાંહ વગરની, plain, simple, easy.

સાંઢ, (સાંઢો) n. ઉંટ, a camel **સાંધ,** (સાંધો) n. જોડાણ, સીપણ, a joint, a seam.

શાંઢવું, v. inf. છાંડવું, to go away. **સાંધવું,** v. inf. સાંધો જોડવો, to unite, to join, to sew, પૂર્ણ કરવું, to accomplish. **સાધવું,** v. inf. to accomplish, achieve. મેળવવું, જીતવું.

શાન, n શીકલ, દેખાવ, an appearance, show, fashion, **સાન,**n. નિશાન, a sign (2) n. અક્કલ, sense, understanding. **શાણ,** n. હથિયાર ઘસવાનો પથર, a whet-stone.

શાની (સ્યાણી) adj, ડાહી, wise (fem.) (2) of what. **સાની,** n. પીળાયલા તલનો ભુકો,, dregs of sesamum seeds after the oil is pressed out.

શાપ, (શ્રાપ) n. કદુવા, a curse, શાપ દેવો, to curse. **સાપ,** n. નાગ, a serpent.

શાયર, n. કવિ, a poet. **સાયર,** n. આબકારી જગાત, excise duty.

સાલ, n. વરસ, a year. **શાલ,** n. દુપેટો, a shawl,

સાળ, n. વણવાનું યંત્ર, a loom. **શાળ,** (નિશાળ) n. a school (2) ડાંગર, a kind of rice જેમકે, **જીરાશાળ.**

શાહ, n. રાજા, a king. **સાહુ,** n. સરાફ, a shroff (2) સાધુ, a hermit.

શાહી, adj. બાદશાહી, રાજાને લગતું, kingly, royal, જેમકે, શાહી હુકમ-શાહી તાજ. **સાહી,** n. લખવાની પ્રવાહી, ink.

શાળા, n. નિશાળ, a school. **સાળા,** n. (plu.) બાઇડીના ભાઈઓ, brothers-in-law.

શીલ, (શીળ) n. ખાસીઅત, સ્વભાવ, nature, disposition, (2) સારી ચાલ ચલણ, good conduct (3) પવિત્રાઇ, piety. **સીલ,** n. (from Eng *seal*) બિઆંવાળો છાપ, મોહોર, a seal.

શીત, adj. ટાઢું, cold, cf. શીતલ. **સિત,** adj. ધોળું, white (2) સંપૂર્ણ, perfect.

સિતા, n. એક ઔષડ, a drug. **સીતા,** n. રામની બાયડી, Seeta.

શુકર, n. શુક્ર, Planet Venus (2) ઉપકાર, obligation (3) ભાગ્ય, Luck. **સુકર,** n. ભુંડ, a boar.

સુખડ, n. ચંદન, Sandalwood. **સુખદ,** adj. સુખ આપનારૂં, comforting.

શુચિ, adj પવિત્ર, નિર્મળ, pure, holy, clean. **સૂચી,** n. અનુક્રમણિકા, an index, જેમકે, સૂચીપત્ર, an agenda paper.

સૂડ, n. સીધું, શુદ્ધ, direct, simple. cf સુડ બ્યાજ, simple interest. **સૂદ,** (શુદ) n. હિંદુઓના મહિનામાં પેહેલું પખવાડયું **સૂદ અને બીજું પખવાડિયું વદ, કહેવાય છે).** the bright half of a lunar month.

સુડી, n. સોપારી કાપવાનું હથિયાર, a nut-cracker. Cf. સુડી વચ્ચે સોપારી, between hammer and anvil. **સુદી**, adj. pertaining to the bright half of a Hindoo month શીંદુ, મહિનાનું પહેલું પખવાડીઉં.

સુડો, n. ઘાસ ઉગે તેવી જમીન, a grass-plot. **સૂડો**, n. મોટી સૂડી, a large nut-cracker (2) પોપટ, a kind of parrot.

સુત, n. દીકરો, a son. **સૂત**, n. સૂતર, cotton-thread; yarn.

શુધ્ધ, n. પવિત્રતા, ચોખ્ખાઈ, purity, holiness. **સુધી**, adj. લગી, તક, till, upto.

સુર, n. દેવ, a deity. **સૂર**, n. ગાયણનો સ્વર, musical voice (2) સૂરજ, the sun. **શૂર**, n. હિંમત, courage (2) લડવૈયો, a warrior.

સુરત, n. સુરત શેહેર, Surat. **સૂરત**, n. મોહ, ચહેરો, face, feature.

શુની, n. કુતરી, a bitch. **સુણી**, સાંભળી (from સુણવું, to hear)

સેણ, n. સ્નેહી, મિત્ર, a friend (2) adj. ભલો, નેક, good, virtuous. **સેન**, n. સૈન્ય, લશ્કર, an army, a force.

સેણી, n. સહેવાની શક્તિ, power of endurance. **શેની**, adj કયી જાતની, of what sort, of what ingredient જેમકે, આ ખુરસી શેની બનાવેલી છે. ?

શેનો, adj. કયો ચીજનો, કયી જાતનો, of what article, of what sort. **સેનો**, a. એક જાતનું કાપડ, a kind of long cloth ; Senna.

શેર, n. (ફા૦) સીંહ, વાઘ, a lion, a tiger **સેર**, n. સેહેલગાહ, a walk, an airing (2) નસ, a vein, (3) સેરનો વજન, a seer, 1-40 th of a maund, શેર, a share of a company.

શેષ, n. બાકીનો ભાગ, the remainder, the residue (2) શેષનાગ, the king of serpents. **સેસ**, n. લગન વખતે કીધેલી પેહેરામણી, a present of money or clothes on a marriage occasion.

શેહ, n. કીસ્ત, સેતરંજની રમતમાં રાજા ઉપર ધસારો, a check to the king in the play of chess, checkmate. **સેહ**, n. સહેવવાની શક્તિ, સેણી, power of endurance, tolerance.

શોક, n. વિલાપ, Bemoaning; mourning. **સૉક**, આસરે સો, સોએક about a hundred (2) સપત્ની, સોક્ય, Co-wife.

શૌચ, (abbreviated into શોચ in provincialism.) પવિત્રાઇ, purity જેમકે, શૌચે જવું, to answer the call of nature. **શોચ**, n. ફિકર ચિંતા, anxiety. (2) to think and consider.

સોડા, n. જેમકે, સોડા વોટર Soda. **સોદા**, n. plu. વેપાર વહેવાર, transaction, એકવચન, સોદો.

સોનું, n. કિમતી પીળી ધાતું, gold. **સોણું**, n. સ્વપ્નું, a dream. **સુનું**, એકલું unaccom-panied, Solitary. સુનું gold.

શોભ from શોભવું, to shine out. **સોભ**, n. ગણુપતીના ગીત, songs sung by women when the bride and the bride groom are taken to a god to get his blessing.

શોષ, n. ગળું સુકાવું તે, તરસ; dryness, thirst. **સોસ,** n પાણીની તરસ, thirst of water, (૨) અફસોસ cf. જબતક સાસ તબતક સોસ.

સોલો, A loose cloth serving the purpose of a bag. **સોળો,** સોળનો જથ્થો, The group of 16.

હુટ, interj. કાળું કર, Begone. **હઠ,** n. જીદ, હુજ્જત, obstinacy, હઠ પકડવી, to be obstinate, હઠ છોડવી, to yield. **હઠ,** v. imp. (from હઠવું, to step back, retreat.)

હુડ, n હડ-હડ-Fie, get out. હુડહુડતો જુઠો-A downright liar, **હદ,** n. સિમા, છેડો, a boundary, a limit.

હણ, v. imp. (from હણવું to kill, **હુન,** આજના જર્મન લોકોનું અસલ નામ હન લોકો The Huns.

હુલ, જેમકે, હલ-મલ, હુલ-ભલ. **હળ,** A plough.

હવણ, n. સેહેલ, મોજ, an excursion. **હુવન,** n. ધર્મક્રિયા, oblation, sacrifice.

હશે, v. f. t (હોવું) may be. **હસે,** v. (from હસવું to laugh), જેમકે, તે હસે છે, he laughs.

હલ્લો, An attack. **હલ્લો,** હેલો A buffoon loving indecency and obscenity.

હાટ, n. બજાર, દુકાન, a moveable market, a shop, હાટ માંડવી, to open a shop. **હાથ,** n. કર, ભુજ, the hand.

હાંડી, n. નાનો હાંડો, નાનું પાણી ભરવાનુ વાસણ, an earthen or metal pot (2) ટાંગવાનો દીવો, a hanging globe,

હાડી, adj હાડ-હાડકાંને લગતું, pertaining to the bone.

હાણુ, n. નુકશાન, હાનિ, an injury, a harm. **હાન**, n માનતા, a vow.

હોણુ, n. ચાલુ સાલ, the current year. **હોન**, n એક સોનાનો સિક્કો, a gold coin.

હોલ, n. ધાસ્કો, ધાસ્તી, dread, terror (2) ભઠ્ઠી, an oven, **હોળ**, n હળ, a plough.

પ્રેસમા મા૦ જી૦ તવરીઆએ નં૦ ૧, પારસી બઝાર સ્ટ્રીટ, કોટ,
છે તથા રૂસ્તમજી નશરવાનજી મુનશીએ "પારસી લેખક મંડળ"
ારદેવ ટેરેસ' તારદેવ, મુંબઈ, મધે પ્રગટ કર્યું છે.